સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ


વર્ષ : ૪૭ અંક : ૨૪૦ જૂનાગઢ તા.૨૭-૯-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 240, Junagadh : Date : 27 September, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay



Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future | 10th Global Summit

ગુજરાત
1ST
20 વર્ષ પૂર્ણ કરનાર દેશની પ્રથમ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ
રોલ મૉડેલ



## દૂરદર્શિતાના માર્ગે અડીખમ રહી બનાવ્યો વૈશ્વિક પ્રભાવ

"વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, આજે 20 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. બે દાયકામાં આ પહેલ આજે ટ્રેલબ્લેઝર અને ટ્રેન્ડસેટર બની ગઇ છે. વાઇબ્રન્ટ ગુજરાતની સફળતા દર્શાવે છે કે એક દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચાર મોટો બદલાવ લાવવા તરફનું પ્રથમ પગલું છે. વાઇબ્રન્ટ ગુજરાત દર્શાવે છે કે કેવી રીતે ભારતનું એક રાજ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આપણા યુવાઓની આકાંક્ષાઓને જોડતું માધ્યમ બની શકે છે. વાઇબ્રન્ટ ગુજરાતે એક રાષ્ટ્રીય માપદંડ પણ સ્થાપિત કર્યો છે, જેને આજે અનેક રાજ્યો સફળતાપૂર્વક અનુકરણ કરી ભારતીય અર્થતંત્રને વધુ મજબૂત અને વેગવંતુ બનાવી રહ્યાં છે. હંમેશની જેમ, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ આત્મનિર્ભર ભારત માટે સમૃદ્ધ ગુજરાતના લક્ષ્ય સાથે નવી ઊંચાઇઓ પ્રાપ્ત કરી રહ્યું છે."

**શ્રી નરેન્દ્ર મોદી,** માનનીય વડાપ્રધાન

## સમિટ ઑફ સક્સેસ તરીકે વાઇબ્રન્ટ ગુજરાતના 20 વર્ષ

CELEBRATING 20 Years of VIBRANT GUJARAT

વર્ષ 2003માં પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
આજે આપણે બે દાયકાની અદ્‌ભૂત સફરની ઉજવણી કરવા જઇ રહ્યા છીએ.

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

પ્રેરક ઉપસ્થિતિ
**આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત
અને
**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**મુખ્ય આકર્ષણ:** સમિટ ઑફ સક્સેસ પૅવિલિયન

બુધવાર, 27 સપ્ટેમ્બર, 2023 | સાયન્સ સિટી, અમદાવાદ

## વિકસિત ભારત @ 2047નું વિકાસ એન્જિન બનશે ગુજરાત

www.vibrantgujarat.com
ફક્ત આમંત્રિતો માટે

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit

CELEBRATING 20 Years of VIBRANT GUJARAT

# વાઇબ્રન્ટ ગુજરાત સમિટના 20 વર્ષનો ગુજરાત પર પ્રભાવ

- રાજ્યના GDPમાં વર્ષ 2002-03થી 2022-23 દરમિયાન **15%ના CAGR**થી વૃદ્ધિ
- **51 બિલિયન USD**નું સંચિત FDI પ્રાપ્ત થયું (વર્ષ 2003-2022)
- Fortune 500 વૈશ્વિક કંપનીમાં સ્થાન ધરાવતી **100થી વધુ કંપનીઓ ગુજરાતમાં કાર્યરત**
- **ભારતની કુલ નિકાસમાં 33% ભાગીદારી**
- મૂલ્ય શૃંખલામાં **13 લાખથી વધુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો** (ઉદ્યમ રજિસ્ટર્ડ)
- વર્ષ 2019માં ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલું **ભારતનું પ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર** – વર્લ્ડ બેંક દ્વારા આ પ્રયાસને 'ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ'ની માન્યતા
- મોટા રાજ્યોની તુલનામાં **સૌથી ઓછો (2.2%) બેરોજગારી દર**
- **ભારતની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં 15.5%ની ભાગીદારી**
- **108 યુનિવર્સિટીઓ અને 30 મેડિકલ કોલેજો (2001માં 9થી આજ સુધી)**
- નેનો લિક્વિડ યૂરિયા **ઉત્પાદન કરવા વાળું દેશનું પ્રથમ રાજ્ય**
- **ડેરીઓનું મજબૂત નેટવર્ક**
- WHO દ્વારા જામનગરમાં **વિશ્વનું પ્રથમ અને એકમાત્ર ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન**

# રાષ્ટ્રીય સ્તર પર ગુજરાતની સિદ્ધિઓ

**2022ના લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ (LEADS) ઇન્ડેક્સમાં ગુજરાત,** 2021, 2019 અને 2018માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

**નીતિ આયોગ સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઇમેટ** ઇન્ડેક્સ 2022

**નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગ –** 2021, 2019 અને 2018

**ગુડ ગવર્નન્સ** ઇન્ડેક્સ (GGI) 2021



**ગિફ્ટ સિટી**
ભારતનું પ્રથમ IFSC



**ડ્રીમ સિટી**
(ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી)
વિશ્વનું સૌથી મોટું સિંગલ ઓફિસ કોમ્પ્લેક્સ, આ સમગ્ર સંકુલ 2000 એકરમાં બનાવવામાં આવી રહ્યું છે.

**ધોલેરા SIR**
920 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું ભારતનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ SIR



**માંડલ -બેચરાજી SIR**
વૈશ્વિક ઓટોમોબાઇલ અને ઓટો કમ્પોનન્ટ કંપનીઓનું હબ





**પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રિજન (PCPIR)**
પેટ્રોલિયમ ઉત્પાદનો, રસાયણો અને પેટ્રોકેમિકલ્સના ઉત્પાદન માટે 453 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું ભારતનું સૌ પ્રથમ રોકાણ ક્ષેત્ર

# અમૃત કાળ દરમિયાન "વિકસિત ભારત @ 2047"

ને પ્રાપ્ત કરવા મ ટે વાઇબ્રન્ટ ગુજરાતના 20 વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક પ્રસંગનો સ્મરણોત્સવ આપણને ગુજરાતની પૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરશે

**વિશ્વનો સૌથી મોટો**
30,000 મેગાવૉટની ક્ષમતા ધરાવતો વિન્ડ-સોલર હાઇબ્રિડ પાર્ક કચ્છમાં

**ફિનટેક હબ**
બનશે ગુજરાત

**સેમિકન્ડક્ટર ચિપ્સનું**
ઉત્પાદન કરનાર પ્રથમ રાજ્ય

**ગ્રીન હાઇડ્રોજન એનર્જીમાં**
નેતૃત્વ



### વિકાસનાં ગુજરાત મોડલની ૨૦ વર્ષની સફળ યાત્રા સમયે વડાપ્રધાન મોદીનું સંબોધન :

# વાઈબ્રન્ટ ગુજરાત એક વટવૃક્ષ બની ગયું છે : મેં ગુજરાતને મુશ્કેલીઓમાંથી બહાર કાઢયું : મોદી






અમદાવાદ તા.૨૭

વાઈબ્રન્ટ સમીટ - ૨૦૨૩ને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, ગુજરાતે ઘણા ચડાવ-ઉતાર જોયા છે. મેં ગુજરાતને મુશ્કેલીઓમાંથી બહાર કાઢયું છે. એજન્ડા ચલાવનારાઓ તે સમયે (વાયબ્રન્ટ ગુજરાતનાં પ્રારંભ કાળમાં) પણ નીરાશા ફેલાવી રહયા હતા. તે સમયમાં મેં ગુજરાતને મુશ્કેલીમાંથી બહાર કાઢયું હતું. ગુજરાતે અનેક સંકટો ઉઠાવ્યા છે. રોકાણને લઈને માહોલ બગાડવાની કોશીષ થઈ હતી પરંતુ ગુજરાત નીરાશામાંથી બહાર કાઢયું તે વખતે પણ કેન્દ્રનાં મંત્રીઓ વાઈબ્રન્ટ ગુજરાતમાં ભાગ લેવા માટે અટકાવતા હતા. વિદેશી રોકાણકારોને ધમકાવવામાં આવતા હતા. ગુજરાતને અસ્થિર કરવાની કોશીષો થઈ હતી પરંતુ આજે વાઈબ્રન્ટ ગુજરાત એક વટવૃક્ષ બની ગયું છે તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાયન્સ સિટી ખાતે વાયબ્રન્ટ ગુજરાતની સફળતાના ૨૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજયપાલ આચાર્ય દેવવ્રત ગાર્ડન કારમાં સાયન્સ સિટી પહોંચ્યા હતા. જ્યાં વડાપ્રધાનનું ગરબાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને 'સમિટ ઓફ સકસેસ' પેવેલિયનનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. વાયબ્રન્ટ સમિટની સફળતાની ફિલ્મ બતાવાઈ હતી. બાદમાં કાર્યક્રમના મુખ્ય સ્ટેજ પર મોદી, ભૂપેન્દ્ર પટેલ, પાટીલ, હર્ષ સંઘવી સહિતના નેતાઓને માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, મને અહીં બોલાવ્યો તો હું ૨૦ વર્ષ નાનો થઈ ગયો, મને એ દિવસો યાદ આવ્યા, જીવનમાં આનાથી મોટો સંતોષ શું હોય શકે.

વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વાયબ્રન્ટનું એક નાનું બીજ વાવ્યું હતું ને આજે વટવૃક્ષ બની ગયું છે, આ એક બ્રાન્ડિંગનું આયોજન નહીં બોન્ડિંગનું આયોજન છે. દુનિયા માટે આ બ્રાન્ડ હોઈ શકે પણ મારા માટે સફળ બોન્ડિંગ છે. ગુજરાત પાસે પહેલેથી જ ગિફટ સિટી છે, જેમાં હોલ ઓફ ધ પ્રતિબિંબ દેખાઈ છે. ગ્લોબલી કોમ્પિટીટિવ માર્કેટ તૈયાર કરવા આગળ વધવું જોઈએ. હું કહીશ કે, આ રોકાવાનો સમય નથી. આગળના ૨૦ વર્ષ મહત્વના છે. જ્યારે ૪૦ વર્ષ પૂર્ણ થશે તો ભારત સ્વતંત્રતાના ૧૦૦ વર્ષની નજીક હશે. આત્મનિર્ભર ભારત દુનિયાની આગળ પ્રસ્થાપિત કરીશું. મને વિશ્વાસ છે કે, તમે જરૂર વિચારશો અને આગળ આવશો. મારા માટે ખુશીની વાત છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ૭ હજાર સામર્થ્ય સાથે જોડાયેલા બોન્ડ છે. આજે સ્વામિ વિવેકાનંદની વાત યાદ આવે છે. પહેલા લોકો ઉપહાસ ઉડાવે, વિરોધ કરે અને પછી તેને સ્વીકારે છે. ખાસ કરીને ત્યારે જ્યારે આઈડિયા પાંચ વર્ષ પહેલાના હોય. યુવાનોને ખબર પણ નહીં હોય કે, ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં ગુજરાતની સ્થિતિ શું હતી. હજારો લોકોના મૃત્યુ થયા હતા.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ગોધરાની ઘટના બની ત્યારે ગુજરાત હિંસાની આગમાં સળગી રહ્યું હતું, દુનિયામાં ગુજરાતને બદનામ કરવાનું કાવતરું રચવામાં આવ્યું, ગુજરાત તેના પગ પર ઊભું નહીં થાય તેવા નિવેદનો આવ્યા, ત્યારે મેં સંકલ્પ કર્યો કે, જે પણ પરિસ્થિતિ છે તેમાંથી ગુજરાતને બહાર કાઢીને રહીશ. ગુજરાતના આત્મવિશ્વાસ વધારવા વાયબ્રન્ટ ગુજરાત લાવ્યા અને આજે સફળતાના ૨૦ વર્ષ પૂરા થયા છે. ગુજરાત સાંસ્કૃતિક ધરોહર બતાવવાનું માધ્યમ બની ગયું છે. ગુજરાતના વિકાસથી દેશનો વિકાસ થશે, ત્યારે કેન્દ્ર સરકાર ગુજરાતને રાજકારણથી જોતા હતા. સહયોગ તો દૂરની વાત તે પ્રોજેક્ટો અટકાવતા હતા. વિદેશી રોકાણકારોને ધમકાવતા હતા. આ ડર સાથે વિદેશી રોકાણકારો આવ્યા. કારણ કે, અહીં ગુડ ગર્વનન્સ સહિતની સુવિધાઓ મળી રહે છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ગેસ્ટ હાઉસ પણ હાઉસફૂલ થઈ જતા હતા મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી ત્યારે મોટી હોટલો પણ નહોતી. ત્યારે વિદેશી મહેમાનોને કયા રોકવા એ મોટો પ્રશ્ન હતો. ગેસ્ટ હાઉસ પણ હાઉસફૂલ થઈ જતા હતા. ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાતના આયોજન વખતે પૂરી દુનિયામાં મંદી હતી ત્યારે બધા કહેતા આ વર્ષે ગુજરાત વાયબ્રન્ટ રદ કરી દ્યો, પણ હું ડગ્યો નહીં. નિષ્ફળતા મળે તો શું થયું પણ આદત ન છૂટવી જોઈએ. વાયબ્રન્ટ ગુજરાતની સફળતા તેની વિકાસ યાત્રાથી પણ સમજી શકાય છે. આજે ૪૦ હજાર લોકો જોડાયેલા છે. આજે ૧૩૫ દેશ જોડાયેલા છે.

# ખાલિસ્તાની સમર્થકો પર NIA નાં દેશવ્યાપી દરોડા


નવી દિલ્હી તા. ૨૭ : ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા ખાલિસ્તાની સંગઠનો અને તેમની સાથે સંકળાયેલા આતંકવાદીઓ પર કાર્યવાહી કરવાના પ્રયાસો ચાલુ છે. તપાસ એજન્સીઓ દેશ અને વિદેશમાં સતત સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. NIAના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ અને દિલ્હીમાં લગભગ ૫૦ સ્થળો પર આ દરોડા પાડવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પંજાબમાં ૩૦ સ્થાનો, રાજસ્થાનમાં ૧૩, હરિયાણામાં ૪, ઉત્તરાખંડમાં ૨ અને દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં એક-એક સ્થાનો પર હવાલા ઓપરેટરો અને ખાલિસ્તાની ઉગ્રવાદીઓ સાથે સંકળાયેલા ગેંગસ્ટરોના લોજિસ્ટિકસ કોઓર્ડિનેટર્સની ધરપકડ કરવા દરોડા પાડવામાં આવ્યા છે. NIA એ ખાલિસ્તાન-ISI અને ગેંગસ્ટરની સાંઠગાંઠ અંગે ઘણા ઈનપુટ એકત્રિત કર્યા છે. UAPA હેઠળ ધરપકડ કરાયેલા તમામ ગેંગસ્ટરો અને ખાલિસ્તાની આતંકવાદીઓની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે આ ગેંગસ્ટર-ખાલિસ્તાની સાંઠગાંઠનો ઉપયોગ ટેરર ફંડિંગ, હથિયારોની સપ્લાય તેમજ વિદેશી ધરતી પરથી રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ કરવા માટે કરવામાં આવતો હતો. આવી સ્થિતિમાં NIAએ હવે ખાલિસ્તાની સમર્થકો અને વિદેશી ધરતી પરથી ઓપરેટ કરતા ગુંડાઓ પર હુમલો કરવાનું શરૂ કરી દીધું છે. તાજેતરમાં, કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તેમની સંસદમાં ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારત પર આરોપ મૂકયા પછી ખાલિસ્તાનનો મુદ્દો ગરમાયો છે. કેનેડામાં સક્રિય ખાલિસ્તાન સમર્થકોનો પર્દાફાશ કરવાની સાથે એજન્સીઓ તેમના નેટવર્કની તપાસમાં વ્યસ્ત છે. આ ઉપરાંત તેમના ભંડોળના સ્ત્રોત પર અંકુશ લાવવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. આ માટે ફાયનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ, આઈબી સહિતની અનેક એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. એવી આશંકા છે કે ખાલિસ્તાની ગેંગસ્ટરની સાંઠગાંઠ ભારત માટે ખતરનાક બની રહી છે. ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી, ખંડણી, હત્યા વગેરે જેવા ગુનાઓમાંથી આવતા નાણાંનો ઉપયોગ ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં કરવામાં આવે છે. ખાલિસ્તાનીઓને ભંડોળ પૂરું પાડવામાં પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા ISIની સૌથી મોટી ભૂમિકા માનવામાં આવે છે. સૂત્રોને ટાંકીને ઘણા મીડિયા રિપોર્ટ્સમાં NIAની ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે શસ્ત્રો અને ડ્રગ્સની દાણચોરીમાંથી મળેલા પૈસાથી ખાલિસ્તાન તરફી આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

# રામચરિત માનસ - ભગવદ્ ગીતા પર કોઈનો અધિકાર નથી કોપીરાઈટનો દાવો કરી શકાય નહી : દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી,તા. ૨૭ :

દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોઇ એક વ્યકિત કે સંસ્થા શ્રીમદ ભગવદ્ ગીતા કે ભાગવતમ્ જેવા ધાર્મિક ગ્રંથો પર કોપીરાઈટનો દાવો કરી શકે નહીં જો કે, કોર્ટે કહ્યું કે એ ધર્મગ્રંથોના આધાર પર બનાવેલા નાટક કે કૃતિ પર કોપીરાઈટનો દાવો કરી શકાય છે. જસ્ટિસ પ્રતિભા એમ સિંહે કહ્યું કે ભગવદ ગીતા કે અન્ય આધ્યાત્મિક પુસ્તકોના પાઠના વાસ્તવિક પુનરૂત્પાદનમાં કોઈ વાંધો હોઈ શકે નહીં, પરંતુ કોપીરાઈટ કાયદા એ રીતો પર લાગુ થશે, જેની વિવિધ ગુરૂઓ અને આધ્યાત્મિક શિક્ષકો દ્વારા તેની વ્યાખ્યા કરવામાં આવી હોય તો તે કોપીરાઈઝ સંરક્ષણના હકદાર છે. આધ્યાત્મિક ગ્રંથો પર કોઈ કોપીરાઈટનો દાવો કરી શકે નહીં. જો કે, એ કાર્યના કોઈ પણ રૂપાંતરણ જેમાં સ્પષ્ટીકરણ, સારાંશ, અર્થ, વ્યાખ્યા-વ્યાખ્યા પ્રદાન કરવી કે કોઈ ઓડિયો-વિઝયુઅલ બનાવવામાં સામેલ છે કે ધર્મગ્રંથ વગેરેના આધાર પર નાટક સમિતિઓ દ્વારા બનાવવામાં આવેલ નાટકીય કાર્ય, ઉદાહરણ તરીકે રામનંદ સાગરની રામાયણ કે બીઆર ચોપડાની મહાભારત જેવી ટેલીવિઝન શ્રેણી સ્વયં લેખકોના મૂળ કાર્ય હોવાના કારણે અને પરિવર્તનકારી કાર્ય હોવાના કારણે કોપીરાઈટ સંરક્ષણના હકદાર છે. હાઈકોર્ટે આ ટિપ્પણીઓ ભકિતવેદાંત બુક ટ્રસ્ટ દ્વારા દાખલ કોપીરાઈટ ભંગના કેસની સુનાવણી દરમિયાન કરી છે. ટ્રસ્ટ તરફથી હાઈકોર્ટને જણાવવામાં આવ્યું કે પ્રભુપાદના ધાર્મિક ગ્રંથોના આધાર પર કેટલાય વ્યાખ્યાન આપવામાં આવ્યા અને પુસ્તકો પ્રકાશિત કર્યા, જે કેટલીયે ભાષામાં ભકતો દ્વારા અધ્યયન કરવામાં આવે છે.

# રૂા. ૨૦૦૦ની નોટ હવે માત્ર ૭૨ કલાકની મહેમાન



નવી દિલ્હી તા. ૨૭

રૂા.૨૦૦૦ હજારની નોટોના વિમુદ્રીકરણને આડે હવે માત્ર ૭૨ કલાકનો સમય બાકી છે.

આવી સ્થિતિમાં જે લોકો પાસે જૂની નોટો છે તેઓ હવે તેને બદલવા માટે ફરી સક્રિય થઈ ગયા છે. આ દિવસોમાં બ્લેક માર્કેટિંગમાં નોટો બદલાવનારા લોકોની કોઈ કમી નથી. હવે માત્ર શરત એ છે કે નોટો એકસ્ચેન્જર દ્વારા આપવામાં આવેલી કિંમત પર બદલાઈ રહી છે. સૂત્રોનું કહેવું છે કે નોટ બદલનારાઓ હવે ગમે તે ભાવની માંગ કરી રહ્યા છે. કિંમત શું હશે, તે રકમ કેટલી મોટી છે તેના પર નિર્ભર છે. જો રકમ મોટી હોય તો કિંમત ઓછી રાખવામાં આવી રહી છે, જો રકમ ઓછી હોય તો તેની કિંમત વધુ માંગવામાં આવી રહી છે. જયારે તેમને પૂછવામાં આવ્યું કે કયા દરે નોટો એકસચેન્જ કરવામાં આવી રહી છે, ત્યારે તેમણે કહ્યું કે ૨.૫ ટકાથી ૧૫ ટકા સુધીના કમિશન પર નોટો બદલવાની ડીલ કરવામાં આવી રહી છે.

ઉદાહરણ તરીકે, જો કોઈની પાસે ૧ લાખ રૂપિયાની જૂની નોટ છે, તો ૫૦૦ રૂપિયાની નોટ ૧૫ ટકાના દરે આપવામાં આવી રહી છે. જો તે ૨ હજાર રૂપિયાની નોટમાં એક લાખ રૂપિયા આપે છે તો તેના બદલામાં તેને ૫૦૦ રૂપિયાની નોટમાં ૮૫ હજાર રૂપિયા મળશે. જો જૂની નોટોની રકમ કરોડો રૂપિયામાં હશે તો આ દર ઘટીને ૨.૫ ટકા થઈ જશે. દાવો કરવામાં આવી રહ્યો છે કે કોઈપણ વ્યકિત ગમે તેટલી નોટ બદલી શકે છે. બેંકોમાં ૨૦૦૦ રૂપિયાની નોટ જમા કરાવવા અથવા બદલવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર છે. RBIએ ૧૯ મેના રોજ કહ્યું હતું કે ૨૦૦૦ રૂપિયાની નોટ ચલણમાંથી બહાર કાઢવામાં આવી રહી છે.

# ઈસ્કોન સંસ્થા દેશની સૌથી મોટી છેતરપીંડી ગાયો કસાઈને વેચી દે છે : મેનકા ગાંધી

નવી દિલ્હી તા. ૨૭ : ભારતીય જનતા પાર્ટીના સાંસદ મેનકા ગાંધીએ ઈસ્કોન એટલે કે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા ચેતના પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનું કહેવું છે કે ઈસ્કોનમાં મોટા પાયે છેતરપિંડી થઈ રહી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે અહીં ગાયોને ગૌશાળામાંથી બહાર કાઢીને કસાઈઓને વેચવામાં આવે છે. હાલમાં આ અંગે ઈસ્કોન તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રાણી અધિકારના ક્ષેત્રમાં સતત સક્રિય છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ઈસ્કોન દેશની 'સૌથી મોટી છેતરપિંડી' છે. તેમણે કહ્યું, 'તે ગાયના શેડ ચલાવે છે અને સરકાર તરફથી વિશાળ જમીન સહિત અનેક લાભો મેળવે છે.' કહેવામાં આવી રહ્યું છે કે તેમના નિવેદનનો એક વીડિયો પણ વાયરલ થયો છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, બીજેપી સાંસદે આંધ્રપ્રદેશની ગૌશાળાનો ઉલ્લેખ કર્યો. તેણીએ જણાવ્યું કે, હું ઈસ્કોનની અનંતપુર ગૌશાળામાં ગઈ હતી, જયાં એક પણ ગાય એવી ન મળી કે જેણે દૂધ ન આપ્યું હોય. તેમજ સમગ્ર ડેરીમાં એક પણ વાછરડું ન હતું. તેમણે કહ્યું, 'ડેરીમાં દૂધ આપતી એક પણ ગાય નહોતી. ત્યાં એક પણ વાછરડું ન હતું. આનો અર્થ એ છે કે દરેક વેચાઈ ગઈ હતી.

તેમણે આરોપ લગાવ્યો, 'ઈસ્કોન તેની તમામ ગાયો કસાઈઓને વેચી રહી છે. તેમની જેમ આ કામ કોઈ કરતું નથી અને શેરીઓમાં 'હરેરામ હરે કૃષ્ણ' ગાય છે.

# માહિતી ખાતાની જૂનાગઢ કચેરી દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ ખાતે આવેલ કે.જે. નર્સિંગ સ્કૂલ ખાતે ગુજરાત સરકારના માહિતી ખાતાની જૂનાગઢ કચેરી દ્વારા "સ્વચ્છતા હી સેવા અભિયાન" જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢમાં આવેલી ખુબ જાણીતી હોસ્પિટલ "એસ્થે કાયા કલ્પસ્કીન હેર લેઝર ક્લિનિક એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, જૂનાગઢના ડો. પિયુષ બોર બોરખતરીયા, MD (Dermatologist) હાજર રહ્યા હતા અને તેઓએ સ્વચ્છતા વિશે, સ્વચ્છતાનું આરોગ્યમાં મહત્વ, મહાત્મા ગાંધીજીના વિચારો દ્વારા જીવનમાં આગળ વધવું આ બધા વિષય ઉપર તાલીમ અને માહિતી આપી હતી. સ્વપ્ન યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજાએ સ્વચ્છતાનું મહત્વ સમજાવીને ભીના અને સૂકા કચરાને અલગ રાખવા વિશે માહિતી અને તાલીમ આપી હતી અને પરંપરાગત માધ્યમ દ્વારા સમજણ આપવા માટે સ્વપ્ન યુવા વિકાસ મંડળના સભ્યો પણ જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કે.જે. નર્સિંગ સ્કૂલના ભરતભાઈ હડિયા (ટ્રસ્ટી), નીતિનસર પરમાર (પ્રિન્સિપાલ), મિત સિંધવ (વાઈસ પ્રિન્સિપાલ), જગદીશભાઈ મારૂ (કલાર્ક) અને બધા ટયુટર નિરાલી ડાંગર, મિરલ ગુશર, હાર્દી અંજારા, અસ્મિતા મેમ, ક્રિષ્ના ડાંગર બધા એ સાથ સહકાર હતો અને જૂનાગઢ જિલ્લાની માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક અને સ્ટાફ દ્વારા પણ કાર્યક્રમના આયોજનને લઈને ખુબ જહેમત ઉઠાવવામાં આવી હતી.




### શહેરીજનો કેવી સમસ્યાનો ભોગ બન્યા છે તે જાતે અનુભવવા માટે

# જૂનાગઢની મુલાકાતે આવનારા ગુજરાતના મુખ્યમંત્રીને જનતાનું ખુલ્લું નિમંત્રણ

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ શહેરમાં વિકાસના નામે કરોડો રૂપિયાનું આંધણ કરનારા જૂનાગઢ મનપાના શાસકોને સામે લોકોમાંથી ભારે ફિટકાર વરસી રહયો છે. અણઆવડત, બેદરકારી અને કુંભકર્ણની નિંદ્રા જાણે આ નેતાઓને કોઠે પડી ગઈ છે. ચુંટણીમાં ખોબલે-ખોબલે મત આપીને સંપુર્ણ બહુમતી મેળવેલા ભાજપના શાસકોને જાણે એમ થાય છે કે, અમારી તો સંપુર્ણ બહુમતી છે. અમારૂં કોઈ કાંઈ બગાડી શકે તેમ નથી. બસ કરવાનું એટલું છે કે ગુજરાતના મુખ્યમંત્રી જયારે આ શહેરની મુલાકાતે આવે ત્યારે તેમની સમક્ષ સારી રીતે પ્રેઝન્ટેશન કરવું અને એ પ્રમાણે આજે આગામી ૨૮મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પધારી રહયા છે ત્યારે તેના આગમનને વધાવવા માટે નેતાઓ સજજ બની ગયા છે અને રસ્તા સહિતના કામો જોરશોરથી હાથ ધરવામાં આવ્યા છે. જે વિસ્તારમાંથી મુખ્યમંત્રી પસાર થવાના છે ત્યાંજ સારી કામગીરી બતાવવાનો કિમીયો કરવામાં આવી રહયો છે. આ બધું જોઈ, નિહાળી અને નેતાઓના તેમજ મનપાના શાસકોના કાળા કરતુતોની કહાની સામે જનતા રોષથી પ્રજવલ્લીત બની છે અને જૂનાગઢ શહેરની જનતા આજે સોશ્યલ મિડીયાનો સહારો લઈ અને ઈન્સ્ટાગ્રામ, સ્ટેટ્સ, ફેસબુક વગેરેમાં કોમેન્ટ મુકી રહી છે. એટલું જ નહીં, ગુજરાતના મુખ્યમંત્રી જૂનાગઢની મુલાકાતે આવી રહયા છે ત્યારે તેઓને જનતા જનાર્દન મનકી બાત રજુ કરવા આતુર છે. અને એટલા માટે જ મુખ્યમંત્રીશ્રીનો પોતાના વિસ્તારમાં એક ચકકર લગાવવા માટે ભાવભર્યુ નિમંત્રણ પાઠવે છે. જો મુખ્યમંત્રી પોતાના વિસ્તારમાં મુલાકાતે આવે તો તેઓને સત્ય હકીકત માલુમ પડે અનો જૂનાગઢ શહેરની જનતા કેવા કેવા પ્રશ્નોથી પિડાઈ રહી છે તે બાબત ઉજાગર થાય અનો નેતાઓના કરતુતોનો પર્દાફાશ થાય તેવી અપેક્ષા જૂનાગઢના શહેરીજનો રાખી રહયા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નિજ્જર મામલે કેનેડાનાં વલણ સામે ભારતનો યોગ્ય પ્રતિકાર

કેનેડાની સંસદમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના એક વાહિયાત નિવેદને ભારત-કેનેડા સંબંધોની દશા-દિશા બદલી નાખી. ટ્રુડોએ કહ્યું કે એવા આરોપ છે કે કેનેડાઈ નાગરિક હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ હોઈ શકે છે. કેનેડાએ ભારતના એક રાજદ્વારીને દેશ છોડવાના આદેશ પણ આપી દીધા. ત્યારબાદ ભારતે પણ આક્રમક કૂટનીતિક કાર્યવાહી કરી. તેણે કેનેડાના રાજદ્વારીને દેશ છોડવાની સાથે જ કેનેડિયન લોકો માટે વિઝા સ્થગિત કરવાનો કડક નિર્ણય લીધો. જે નિજ્જર માટે આટલો બખેડો થયો, તે ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો વડો આતંકી હતો, જેની કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં હત્યા કરી દેવામાં આવી હતી. માનવામાં આવે છે કે તે ખાલિસ્તાની જૂથોની પરસ્પર લડાઈમાં માર્યો ગયો. નિજ્જર કેટલાય વર્ષ પહેલાં ભારતથી ભાગી ગયો હતો. તે ગેરકાયદે રીતે કેનેડા પહોંચી ગયો અને કોઈક રીતે કેનેડાની નાગરિકતા પણ મેળવી લીધી. ભારતે નિજ્જરને ૨૦૨૦માં આતંકી જાહેર કર્યો હતો. તેને પંજાબમાં કેટલીય હિંસક ઘટનાઓ માટે જવાબદાર માનવામાં આવ્યો. તેની વિગતો પણ કેનેડાને આપવામાં આવી હતી, પરંતુ તેણે કોઈ પગલું ન ભર્યું. તેને કારણે નિજ્જર પોતાનો નાપાક એજન્ડા ચલાવતો રહ્યો.

ખાલિસ્તાન સાથે જોડાયેલી ભારત વિરોધી ગતિવિધિઓ પર કેનેડાએ છેલ્લા ચાર દાયકાઓથી કોઈ નોંધ જ નથી લીધી. ત્યાં ખાલિસ્તાન સમર્થક ખુલ્લેઆમ ભારતને ખંડિત કરવાના પડકાર ફેંકે છે. તેઓ હિંસામાં પણ સંડોવાયેલા રહે છે અને મંદિરોને પણ નિશાનો બનાવે છે. તેઓ ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકાવી ચૂક્યા છે. લોકો જીવને જોખમી ખતરાના નિકાલને બદલે કેનેડા તેને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામ પર સ્વીકાર કરતું રહ્યું. ખાલિસ્તાન સમર્થકો પર કાર્યવાહી નહીં કરીને કેનેડા ઉપરથી નિજ્જર હત્યાકાંડ તપાસમાં ભારતનો સહયોગ માંગી રહ્યું છે. ખાલિસ્તાન સમર્થકોને સંરક્ષણ આપનારું કેનેડાનું વલણ નવું નથી. તેને આ જ વલણને કારણે ખાલિસ્તાની આતંકીઓએ ૧૯૮૫માં એર ઈન્ડિયાના કનિષ્ક વિમાનને બોમ્બ વિસ્ફોટથી ઉડાવી દીધું હતું. આ ઘટનામાં ૩૨૯ લોકોના જીવ ગયા હતા. આ કેસની તપાસ અને દોષીતો પર કાનૂની સકંજો કસવાને બદલે કેનેડિયન એજન્સીઓ હાથ પર હાથ દઈને બેસી રહી. આખરે એક ન્યાયિક તપાસને કારણે ત્રીસ વર્ષ બાદ પરોક્ષ રૂપે કેનેડાએ તેના માટે ખેદ વ્યક્ત કરીને કર્તવ્યની ઈતિશ્રી કરી લીધી.

સંસદમાં ભારત વિરુદ્ધ નિવેદન આપવાની સાથે જ ટ્રુડોએ એમ પણ કહ્યું હતું કે હાલમાં જી-૨૦ શિખર સંમેલનથી ઈતર પોતાની બેઠકમાં તેમણે વડાપ્રધાન મોદી સમક્ષ નિજ્જરનો મામલો ઉઠાવ્યો હતો. તેમની સરકારનું સમર્થન કરનારા પક્ષ પણ ટ્રુડો સાથે ઊભેલા દેખાયા, પરંતુ એક મુખ્ય વિપક્ષી દળે સમગ્ર તથ્ય સામે મૂકવાની માંગ કરી છે. એવા સમાચારો પણ છે કે કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ગુપ્તચર એજન્સીના પ્રમુખ નિજ્જર મામલાની તપાસ માટે ભારતમાં પોતાના સમકક્ષોને મળ્યા. નિજ્જર સાથે જોડાયેલા કેનેડાના આરોપોને ભારતે ફગાવી દીધા છે. ભારતીય વિદેશ મંત્રાલયે તેને વાહિયાત અને શંકાસ્પદ દાનતથી પ્રેરિત ગણાવ્યા. તેની સાથે જ ભારતે એ તરફ પણ ધ્યાન અપાવ્યું કે કેનેડામાં કઈ રીતે એ ખાલિસ્તાન સમર્થકોને રાજકીય સંરક્ષણ મળેલું છે, જે ભારતમાં હિંસા અને અલગતાવાદને ઉત્તેજન આપી રહ્યા છે.

કેનેડાએ નિજ્જર કેસને ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને બ્રિટન સાથે પણ ઉઠાવ્યો. આ દેશોએ કોઈના પક્ષમાં ઝૂકાવ નહિ દેખાડતાં એ દર્શાવ્યું કે કેનેડાના આરોપોની તપાસ થવી જોઈએ. આ દેશોનું આવું વલણ આશ્ચર્યજનક નથી, કારણ કે ભારત સાથે વધતા આર્થિક-સૈન્ય હિતો છતાં તેઓ કેનેડાના પારંપરિક અને નજીકના સહયોગી છે. સૂત્રોના હવાલાથી આવેલ સમાચારો અનુસાર નિજ્જર મામલે કેટલાય દેશ ગુપ્તબાતમી એકત્ર કરી રહ્યા છે. એવા સમાચારો પણ છે કે પોતાની સંસદમાં નિવેદન આપતાં પહેલાં ટ્રુડોએ બાઈડન અને પશ્ચિમના કેટલાક અન્ય નેતાઓ સાથે પણ ચર્ચા કરી. જોકે બાદમાં ટ્રુડોએ એ સ્પષ્ટ કર્યું કે તે ભારત સાથે મામલો વધારવા નથી માંગતા અને તેમની માત્ર એટલી ઈચ્છા છે કે ભારત નિજ્જર કેસને ગંભીરતાથી લે. આ પ્રકરણનું એક પરિણામ એ પણ આવ્યું કે ભારત-કેનેડા વેપાર વાર્તા રદ્દ થઈ ગઈ. ત્યાં જ હિંદ-પ્રશાંત સેના પ્રમુખોની ૨૭-૨૮ સપ્ટેમ્બરે થનારી બેઠકમાં કેનેડાના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનું આગમન પણ લટકી ગયું છે. બંને દેશો એકબીજા વિરુદ્ધ આકરી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે અને એડવાઈઝરી જારી કરી રહ્યા છે.

કેનેડા પ્રત્યે ભારતની નારાજગી સર્વથા યોગ્ય છે. ખાલિસ્તાન સમર્થકો અને ભારત વિરોધી ગતિવિધિઓને અભિવ્યક્તિની સ્વતંત્રતાના આવરણમાં અવગણી ન શકાય. કેનેડાએ એ ષડયંત્ર પર પણ વિચાર કરવો પડશે, જે પાકિસ્તાન દાયકાઓથી ખાલિસ્તાનને લઈને કરી રહ્યું છે. વાસ્તવમાં પાકિસ્તાની ષડયંત્રકારી દુનિયાભરમાં ફેલાયેલા શીખ સમુદાયને ભારત વિરુદ્ધ ભડકાવવાનું કામ કરે છે. અન્ય પશ્ચિમી દેશો પણ એના પર વિચાર કરે. કેનેડાને એ પણ ખબર હોવી જોઈએ કે જો કોઈ મુદ્દે તેમનો રાજકીય વર્ગ એકજુટ થઈ શકે છે તો ભારતમાં પણ રાજકીય બિરાદરી એવું કરી શકે છે, કારણ કે તેમને કોઈ ઠોસ પ્રમાણ નથી આપ્યા અને માત્ર આરોપ જ લગાવી દીધા. ટ્રુડોની ભાષા ગોળગોળ છે, પરંતુ ઈરાદા સ્પષ્ટ છે.

ભારતના રક્ષા અને સૈન્ય કર્મીઓ માટે વિઝા જારી કરવામાં પણ કેનેડાએ અયોગ્ય વલણ અપનાવ્યું. વિઝા જારી કરવા કે ન કરવા કોઈ દેશનો અધિકાર છે, પરંતુ તેની આડમાં આવેદકો પાસે સંવેદનશીલ અને ગોપનીય માહિતી તો ન માગી શકાય, જેવું કે કેનેડા કરતું આવ્યું છે. આ સંપૂર્ણરીતે અસ્વીકાર્ય છે અને ભારતીય એજન્સીઓએ આ મામલે સાર્વજનિક રૂપે પક્ષ મૂકવો જોઈએ. કેટલાય વર્ષોથી ચાલ્યા આવતા આ સિલસિલા પર હવે વિરામ લાગવો જોઈએ. નિજ્જર મામલે કેનેડાએ જેવા આરોપ લગાવ્યા, એવા આરોપ માત્ર પાકિસ્તાન જ લગાવે છે. કેનેડાએ આ આરોપ શંકાના આધારે લગાવ્યો, તેથી ભારતે તેને ફગાવીને બિલકુલ યોગ્ય જ કર્યું. ભારતે પહેલાં પણ કોઈ દેશને મિથ્ય આરોપ નથી લગાવવા દીધા. શાલીન કૂટનીતિ ભાષાથી તેનો પ્રતિકાર કર્યો છે. આ જ પરંપરા ચાલુ પણ રહેવી જોઈએ.

## રાજકોટના માનવતાવાદી સુવિખ્યાત પ્રોક્ટોલોજીસ્ટ આયુષ ડોક્ટર ફેડરેશનના પ્રમુખ

# ડો. વેકરીયાની સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલનો ૩૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ



અલ્ટ્રાસોનીક હારમોનીક ફોકસ (અમેરીકન)
હેલ (જાપાન)

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૭

ધન્વંતરી એવોર્ડ, લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, એમીનન્સ એવોર્ડ, સોરાષ્ટ્રના બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ જેવા અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડસ વિજેતા, હરસ-ભગંદર-ફીશરના ૨૮૫૦૦ ઓપરેશન સફળતાપૂર્વક કરીને તેમજ સોરાષ્ટ્રમાં સૌપ્રથમ વાર અત્યાધુનિક અમેરીકન અલ્ટ્રાસોનીક ફોક્સ ટેકનોલોજી દ્વારા સરળ સારવાર આપી રહ્યા છે. પુત્ર ડૉ.બાહત્ર્લ વેકરીયા કાર્ડીયાક સર્જન તરીકે સીનર્જી હોસ્પિટલમાં અને પુત્રી ડૉ. વિશ્વા વેકરીયા રેડીયોલોજીસ્ટ તરીકે એઈમ્સ હોસ્પિટલ રાજકોટમાં સેવા આપી રહેલ છે.

ડો. એમ.વી. વેકરીયાએ ૩૭ વર્ષથી માનવતાસભર, ઉત્તમ અને ઉત્કૃષ્ટ સારવાર દ્વારા ગુજરાતભરમાં નામના મેળવી છે. તેઓનું હંમેશા પહેલેથી એક જ ધ્યેય રહ્યું છે કે સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ, સરળ સારવાર આપવી. ડો. વેકરીયા મળમાર્ગના જટીલ દર્દોથી પીડાતા દર્દીઓને રાહત પહોચાડવા માટે જાપાનીઝ, જર્મન તેમજ અમેરીકન એડવાન્સ ટેક્નોલોજીઓનો સમાવેશ કરી સાથે આપણી પ્રાચીન આયુર્વેદ ક્ષારસૂત્રનો અને પોતાના અનુભવનો સુભગ સમન્વય કરીને આ રોગોની સફળતાપૂર્વક સારવાર વડે દર્દીઓને નિરામય જીવનની ભેટ સતત પ્રદાન કરતા રહ્યા છે. અમેરીકન-ઈથીકોન કંપનીનું લેટેસ્ટ-અલ્ટ્રાસોનીક હાર્મોનિક ફોક્સ મશીન, જાપાનીઝ હેલ ટેકનોલોજી, જર્મન-ઈન્ફ્રારેડ કોએગ્યુલેશન મશીન, યુ.એસ.એ.ની સ્ટ્રેપ્લર સારવાર, કાર્યો મશીન, સકશન આર.બી., કોરીયાની લેસર-વેસલ સીલર, એલ.એસ.ટી. તેમજ આપણી ભારતીય ક્ષારસૂત્ર-થેરાપી દ્વારા તેઓ હરસ-ભગંદર ફીશર જેવા મળમાર્ગના જટીલ રોગોની ઉત્તમ અને શ્રેષ્ઠ સારવાર આપી રહ્યા છે. આજ સુધીમાં તેઓએ ૨૮૫૦૦થી વધુ સર્જરીઓ કરી છે અને લાખો દર્દીઓને સારવાર આપી છે.

વિશ્વવવંદનીય સંતપુરૂષોની કૃપાદષ્ટી અને હજારો દર્દીઓના અંતરના આશિષોની ફલશ્રુતિ સ્વરૂપે રાજકોટના એસ્ટ્રોન ચોકમાં આવેલ ડૉ.એમ.વી. વેકરીયાની 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલ આ ૨૭મી સપ્ટેમ્બરે ૩૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે. હરસ-મસા-ભગંદર જેવા અત્યંત પીડાકારક દર્દોની સારવારના ક્ષેત્રે સફળ સાડા ત્રણ દાયકા પુરા કરી ચુકેલ 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલનું ઉદ્ઘાટન અક્ષરનિવાસી પ.પુ. શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજીનાં વરદ હસ્તે ૩૭ વર્ષ પહેલા થયેલ હતું. તો આજથી એક દાયકા અગાઉ તા. ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૦ ના રોજ સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલનું રીનોવેશન અને નવ પ્રસ્થાનનું દિપપ્રાગટ્ય અને પુજાવિધી તેઓના અક્ષર નિવાસી પુજ્ય માતૃશ્રી પાર્વતીબેન અને અક્ષર નિવાસી પુ.પિતાવીરજીભાઈ અને પ.પુ. સ્વામીશ્રી અપૂર્વ સ્વામીના વરદ હસ્તે સંપન્ન થયેલ અને ઉદ્ઘાટન આપણા લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સુપ્રસિધ્ધ ધારાશાસ્ત્રી અને પૂર્વ સાંસદ સ્વ.અભયભાઈ ભારદ્વાજ, ગુજરાતના કેબીનેટ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા, કોર્પોરેશન ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઈ ભંડેરી તથા પૂર્વ રાજકોટ ભાજપ અધ્યક્ષ નીતીન ભારદ્વાજંના વરદ્હસ્તે થયેલ અને આથિંક રીતે ગરીબ જરૂરીયાતમંદ દર્દીઓને અત્યાધુનિક એડવાન્સ અને કિંમતી ટેકનોલોજી દ્વારા રાહત દરે નિદાન સારવાર કાયમી ધોરણે આપી રહ્યાં છે. આજ સુધીમાં ૩૧૫ જેટલા ફ્રી નિદાન અને સારવાર કેમ્પમાં સેવા આપીને તેમના માનવીય પાસાનું સેવાભાવનાનું પ્રેરણાદાયી દર્શન કરાવ્યું છે. કાયમી ગરીબ દર્દીઓને માનવતા અને માનવધર્મના નાતે તેઓ છેલ્લા ૩૭ વર્ષથી રાહત દરે સારવાર આપી રહ્યાં છે. તેના બદલામાં ઈશ્વરે પણ તેમના ઉપર પૂર્ણ રીતે કૃપા વરસાવી છે. ડો.વેકરીયાના પુત્ર ડો.બાહત્ર્લ વેકરીયા ગુજરાતની પ્રખ્યાત રાજકોટ સીનર્જી હોસ્પિટલમાં કાર્ડિયાક સર્જન તરીકે સેવા આપી રહ્યાં છે. ડો. બાહત્ર્લ વેકરીયાના ધર્મપત્નિ ડો.વિશ્વા વેકરીયા રેડીયોલોજીસ્ટ તરીકે રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં ગવર્મેન્ટમાં જોબ કરે છે. દિકરી બંસી વેકરીયાએ માસ્ટર ઓફ આર્કીટેકચર કરેલ છે તે ઓસ્ટ્રેલીયામાં સરકારી જોબમાં સેવા આપે છે.

હરસ-ભગંદર-ફીશરની સરળ સારવાર માટે સૌરાષ્ટ્રમાં જ નહીં પરંતુ ગુજરાતમાં સૌપ્રથમ વાર ડો.એમ.વી. વેકરીયાએ યુ.એસ.એ.ની ઈથીકોન કંપનીનું અતિઆધુનિક અલ્ટ્રાસોનીક હાર્મોનિક ફોકસ-સ્કાલપેલ મશીન લાવીને એક અતિ આધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર રાજકોટ ખાતે તેમની 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલ, એસ્ટ્રોન ચોકમાં કરી રાજકોટનું ગૌરવ વધાર્યુ છે. આ હાર્મોનિક સ્કાલપેલ ટોટલી ઓટોમેટીક મશીન છે, જેની ડિઝાઈન એકદમ કોમ્પેક્ટ છે. તેમાં એવો કોમ્પ્યુટરાઈઝડ સોફ્ટવેર પ્રોગ્રામ છે, જેમાં કોઈ નવા રિસર્ચ ભવિષ્યમાં થાય તો તે સોફટવેર પ્રોગ્રામ તેમા અપડેટ થઈ શકે છે અને એકદમ પરફેકટ, માઈક્રો ડીસેકશન થઈ શકેછે. તે લાર્જ વેસલ અને સીલીંગ કેપીસીટી ધરાવેછે. આ મશીન ટચ સ્ક્રીનથી ઓપરેટ થાય છે. આ મશીનનો મુખ્ય ફાયદો એ છે કે તે અલ્ટ્રાસોનિક દ્વારા સીલીંગ સાથે જ કટીંગ કરે છે. તેમાં ઈલેકટ્રીસીટીનો ઉપયોગ ન થતો હોવાથી બીજી બધી જ ટેકનોલોજી કરતા આજુબાજુના ટીસ્યુ મ્યુકોઝા ચામડીને નહીવત ડેમેજ કરેછ, જેથી બ્લડ લોસ અને બર્નીંગ નહીવત થાય છે અને હીલીંગ ઝડપથી થાય છે. આ મશીનથી બાળકો, મોટી ઉંમરના દર્દીઓ, પ્રેગ્નન્ટ લેડીઝ, બી.પી. કે હાર્ટએટેકના રોગોથી પીડાતા દર્દીઓનું પણ નહીવત આડઅસરથી ઓપરેશન થઈ શકે છે. તેમજ આ લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા ઓપરેશન કરવાથી તદ્દન નહિવત લોહી પડે છે અને ઓછો દુઃખાવો તેમજ ઓછી બળતરા થાય છે. આડઅસર, જોખમો, મળમાર્ગનો કંટ્રોલ જતો રહેવો, તેમજ રીંગ પણ બગડવી, સાંકડી થવી, જેવા જોખમોની નહિવત શક્યતા રહેલી હોય છે.

ડૉ. એમ.વી. વેકરીયાએ ૨૦૦૩ માં જહોનસન એન્ડ જહોનસન મેડીકલ ઈન્સ્ટીટ્યુટ, મુંબઈ ખાતે સ્ટેપ્લર ટેક્નોલોજીનો અભ્યાસ કરેલ છે અને $yf જાપાન ટેક્નોલોજીનો અભ્યાસ ઓસ્ટ્રીયામાં કરેલ છે. તેમણે વેસલ સીલર અને પ્લગ ટેકનીક તથા અલ્ટ્રાસોનીક હાર્મોનિક ફોકસ-સ્કાલપેલનો અભ્યાસ જર્મની ખાતે વોએઝબર્ગ યુનિવર્સીટીમાં ૨૦૧૨ માં ટ્રેનીંગ કોર્સ પૂર્ણ કરીને તેમની અનેક ઉપલબ્ધિઓમાં વધુ એકનો વધારો કરી તેઓની યશકલગીમાં ઉમેરો કર્યો છે. ૧૧ વર્ષ પહેલા તેઓને નાસિક ખાતે એનોરેકટલ કોન્ફરન્સમાં લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તેઓએ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ધનવન્તરી એવોર્ડ મેળવી રાજકોટનું ગૌરવ વધાર્યુ છે. તાજેતરમાં તેમને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શેહઝાન પદમશીના હસ્તે સૌરાષ્ટ્ર રીજીયન માટે એમીનન્સ એવોર્ડ અને સોરાષ્ટ્રના બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ-૨૦૧૯ પણ એનાયત થયો છે. હાલમાં તેઓશ્રી છેલ્લી ૪ ટર્મથી રાજકોટ શહેર ભાજપ ડોક્ટર સેલના સહકન્વીનર હતા અને ગુજરાત મેડીકલ બુલેટીનના મેનેજીંગ સહતંત્રી હતા અને કાલાવડ રોડ-યુનિવર્સીટી રોડ ડોક્ટર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ અને હાલમાં ઘણા વર્ષોથી ચેરમેન તરીકેના પદો શોભાવી રહ્યા છે. તેમજ રાજકોટ ડોક્ટર્સ ફેડરશનમાં ફાઉન્ડર મેમ્બર અને પ્રમુખ તરીકે તથા બીજેપીમાં કાયમી આમંત્રીત સદસ્ય તરીકે સેવા આપી રહ્યાં છે.

અક્ષરનિવાસી પ.પૂ. સ્વામી પ્રમુખ સ્વામી મહારાજ, અક્ષરનિવાસી સ્વામીશ્રી ધર્મજીવનદાસજી તેમજ દ્વારકાપીઠના બ્રહ્મલીન જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યજી મહારાજ, પૂજયશ્રી માધવપ્રિય સ્વામીજી, અપૂર્વ સ્વામીજી જેવા પવિત્ર સંતો-મહાપુરૂષોએ વખતોવખત ઉપસ્થિત રહીને 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલને હંમેશા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ પુરા પાડ્યા છે. આ શુભ અવસરે રાજકોટ શહેરના નાગરીકો, ડોકટરમિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો, મીડીયાના મિત્રો, તેમજ દરેક સંસ્થા, આયુષ ડોક્ટર ફેડરેશન-વેકરીયા પરિવાર ફાઉન્ડેશન-ફ્ત્લછાબ માનવ સેવા ટ્રસ્ટ-માનવ ઉત્કર્ષ સેવા સમિતિ, જેસીસ કલબ, દરેક ડો.એસોસિએશન્સ, સરગમ ક્લબ, બોલબાલા ટ્રસ્ટ, રઘુવીર સેના, સરદાર પટેલ એસોસિએશન, મધુરમ કલબ તેમજ તેમની પાસે તબીબી સેવાઓનો લાભ મેળવી ચુકેલા સૌરાષ્ટ્ર-ગુજરાતના પીડામુક્ત બનેલા અસંખ્ય દર્દીભાઈઓ-બહેનો એમ સૌ કોઈ તેમને અંતરની શુભેચ્છાઓ પાઠવી રહ્યાંછે. આ પ્રસંગે ડો.વેકરીયા દરેક શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

## જૂનાગઢમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે મજેવડી દરવાજા નજીકથી અલ્ટ્રો કાર જીજે-૩૭-બી-૦૬૪૨માંથી ગેરકાયદેસર પાસપરમીટ વગર ઈંગ્લીશ દારૂની રોયલ ગ્રાન્ટ માલ્ટ વિસ્કી ૧૮૦ ભરેલ પેટી નંગ-૧૨ રૂા.૫૭,૬૦૦નો મુદ્દામાલ તથા મારૂતી સુઝીક કંપનીની અલ્ટો કાર જીજે-૩૭-બી-૦૬૪૨ કિંમત રૂા.૧,૫૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂા.૨,૦૭,૬૦૦નો જપ્ત કરેલ છે. અલ્ટો કારનો ચાલક હાજર નહી મળી આવતા તેમના વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે અને બી ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. આ ઉપરાંત બી ડીવીઝન પોલીસે રેલ્વે સ્ટેશન રોડ ઉપરથી ફોરવ્હીલ કાર જીજે-૧૧-સીએચ-૩૧૨૯માંથી ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ ગ્રીન લેબલ વ્હીસ્કી ૭૫ અંશ પ્રુફ ૪૨.૮ ટકા વીવી સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૭૫૦ ભરેલ પેટી નંગ-૫ રૂા.૨૭ હજાર તથા મારૂતી સુઝીક કંપનીની ઈકો કાર જીજે-૧૧-સીએચ-૩૧૨૯ મળી કુલ રૂા.૧,૭૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે અને આ અંગે ભરત પરમાણંદ તથા વિકી સુરેશભાઈ કુંડલાણી વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરી બી ડીવીઝન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કોડીનારના સુગાળા ગામે શિંગોડા નદીમાંથી સિંહણનો મૃતદેહ મળ્યો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૭

કોડીનાર તાલુકાના સુગાળા ગામે આવેલ સુપ્રસિદ્ધ ઘાઘડિયા ખોડીયાર માતાજીના ઘુનામાંથી સિંહણનો તરતો મૃતદેહ મળ્યો. શિંગોડા નદીમાંથી સિંહણનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. વન વિભાગ દ્વારા ઘટના સ્થળે પહોંચીને સિંહણના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર કોડીનારના સુગાળા ગામ નજીક સુપ્રસિદ્ધ ઘાઘડિયા ખોડિયાર મંદિરના ઘુનામાં સિંહણનો મૃતદેહ તરતો હોવાની વન વિભાગને જાણ થતાં વન વિભાગની રેસ્કયુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સિંહણના મૃતદેહને બહાર લાવવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં વન વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સિંહણની ઉંમર અંદાજે દોઢ વર્ષની છે અને સિંહણનું મૃત્યુ કઈ રીતે થયું છે ? સિંહણનો મૃત્યુદેહ નદીમાં કઈ રીતે આવ્યો છે ? તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે. સિંહણના મૃતદેહને એનિમલ કેર સેન્ટર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે વ્યક્તિ પહેલા કાર્ય કરે અને પછી વિચારે છે તે હરહંમેશ માટે પસ્તાય છે.

- સેકર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૧૩ પ્રદોષ, ગોત્રી-રાત્રી વ્રતારંભ, પંચક તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૧, ધનિષ્ઠા નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૨, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : અકસ્માતથી સાવધાન રહેવું. વ્યર્થ દોડા-દોડી રહે.
વૃષભ : હિતશત્રુઓથી સાવધ રહેવું. મહત્વની તક હાથમાંથી સરી ન જાય તે જોજો.
મિથુન : વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ. મનની મુરાદ બર ન આવે.
કર્ક : મનમાં ચંચળતા રહે. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ : દિવસ આનંદમય વ્યતિત થાય. આર્થિક લાભ મળે.
કન્યા : વિશેષ કાર્યભાર રહે. જૂની ઓળખાણથી લાભ મળે.
તુલા : અણધાર્યો પ્રવાસ કરવો પડે. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
વૃશ્ચિક : ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.
ધન : વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં લાભ મેળવી શકશો.
મકર : ગૃહસ્થીજીવનમાં આનંદ છવાઈ જાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ : નવિન શુભ સમાચાર મળે. વડીલવર્ગથી લાભ મળે.
મીન : પરિવારમાં શુભ ઘટના બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.

## જૂનાગઢમાં રૂા.૧૫ લાખની ધંધામાં ખોટ આવતા આર્થિક નુકશાનીના કારણે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના ટીંબાવાડી માધવ એપાર્ટમેન્ટ, બ્લોક નં-૧૦૧ ખાતે રહેતા અનંત દિનેશભાઈ ચુડાસમા(ઉ.વ.૨૩)એ અગાવ એકાદ વર્ષ પહેલા ઈ-બાઈકનો શોરૂમ કરેલ હતો. જેમાં આશરે ૧૫ લાખની ધંધામાં ખોટ નુકશાની આવતા આ શોરૂમ બંધ કરી દીધેલ હોય અને જેના કારણે આર્થિક નુકશાનીના કારણે તે સતત તણાવ અને ટેન્શનમાં રહેતા હોય જેથી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયુંછે. સી ડીવીઝન પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય દ્વારા ૨ થી ૮ ઓક્ટોબર સુધી 'વન્યજીવ સપ્તાહ'ની થશે ઉજવણી

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જે અન્વયે તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમ્યાન દરેક મુલાકાતીઓ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની નિઃશુલ્ક મુલાકાત કરી શકશે.

આ ઉપરાંત ધો.૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની જુદીજુદી સ્પર્ધાઓનું આયોજન થશે. તા. ૨-૧૦-૨૦૨૩ સપ્તાહ પ્રારંભ/ઉદઘાટન (સવારે ૯.૩૦ થી ૧૦), કીપર્સ ટોક/ ઝૂને જાણીએ (સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધી), તા.૩-૧૦-૨૦૨૩ ચિત્ર સ્પર્ધા (સવારે ૯.૩૦થી ૧ વાગ્યા સુધી) તા.૪-૧૦-૨૦૨૩ ટ્રેઝર હન્ટ (સવારે ૯.૩૦થી ૧૨.૩૦ સુધી) (ધો.૫ થી ૯ માટે), તા.૫-૧૦-૨૦૨૩ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી સ્પર્ધા (ઓપન), તા.૬-૧૦-૨૦૨૩ ક્વિઝ સ્પર્ધા (સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી) તેમજ તા.૭-૧૦-૨૦૨૩ વેસ્ટમાંથી બેસ્ટ (સવારે ૯ થી ૧૨ સુધી), તા.૮-૧૦-૨૦૨૩ ઈનામ વિતરણ/સપ્તાહ સમાપન (સવારે ૧૦.૩૦ વાગ્યે), ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. ધો.૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ શાળા મારફતે જ અરજી કરવાની રહેશે. ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજી તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં રૂબરૂ ટિકિટબારી ખાતે તથા નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ કરી આપવાનું રહેશે. સમય મર્યાદા બાદ અરજી નહીં સ્વીકારવામાં આવે. સંપર્ક ૦૨૮૫-૨૬૬૦૨૩૫ (૯૯૭૮૮૫૪૨૮૪, ૭૦૬૯૭ ૦૯૬૫૨, ૯૭૨૭૭ ૨૭૮૮૮) આપેલ નંબર ઉપર ઓફિસ સમય સવારે ૧૦.૧૫ થી ૬.૨૫ દરમિયાન કોન્ટેક્ટ કરવો.) વધુ માહિતી માટે **Sakkarbaug Zoological Park, Junagadh**ને ફોલોવ કરો. વધુમાં સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, રાજકોટ હાઈવે, જૂનાગઢનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ જીલ્લા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય બેઠક યોજાઈ

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ જીલ્લાના વિવિધ નિવૃત કર્મચારી મંડળની સામાન્ય બેઠક તા.૨૪-૯-૨૩ ના રોજ ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ વાડી ખાતે મળેલ હતી જેમાં સભાસદો હાજર રહેલ અને સર્વાનુમતે નીચેના હોદેદારોની નિમણૂંક કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે મનુભાઈ ધાધલ, ઉપપ્રમુખ તરકી સનતભાઈ પંડયા, કે.ડી. ધુલેશીયા હરીભાઈ તેરૈયાની વરણી કરવામાં આવેલ છે. તેમજ મહામંત્રી તરીકે વિઠ્ઠલદાસ કાપડીની વરણી સર્વાનુમતે કરવામાં આવી છે.

## ઈદે મિલાદુન્નબી નિમિત્તે આજે લેન મસ્જીદમાં રૂહાની કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૨૭

ઈદે મિલાદુન્નબી નિમિત્તે જેલ રોડ ખાતે આવેલ લીમવાલે સરકાર લેન મસ્જીદ ખાતે આજે તા.૨૭-૯-૨૩ ને બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ રૂહાની કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ઈમાનીયત, એતીકાદાત, અમાલે સાલીહાત, અખલાકીયાત વગેરે વિષય ઉપર સરળ ભાષામાં તકરીર કરવામાં આવશે. તહજુદની નમાઝ બાદ બાલ મુબારકની ઝીયારત, દુઆએ ખેર, ફજરની નમાઝબાદ તર્જુમાએ કુર્આનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ દીની કાર્યક્રમમાં તમામ મુસ્લીમ બિરાદરોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સુન્નીયત કમીટી, લેન મસ્જીદની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

## જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલની ટીમોને

# રિલાયન્સ કપ ૪૧મી સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ માટે ટ્રોફી, મેડલ્સ અને પ્રોત્સાહક ઈનામોનું વિતરણ

## જી.એસ.એફ.એ. પ્રેસિડેન્ટ પરિમલ નથવાણીએ તમામ ખેલાડીઓને શુભેચ્છા



મુંબઈ,તા.૨૭

રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરનાર અને એ.એફ.સી.અંડર-૧૭ મહિલા ચેમ્પિયનશિપની ક્વોલિફાયર રાઉન્ડ-૨ માટે ભારતીય મહિલા ટીમમાં પસંદગી થનાર અમદાવાદની ૧૬ વર્ષની ફૂટબોલ ખેલાડી ખુશબુ સરોજનું ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ પરિમલ નથવાણીદ્વારા રૂા.૨૫,૦૦૦નીરોકડ પ્રોત્સાહક રાશિ આપીને સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે રિલાયન્સ કપ ૪૧મી સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ માટે જી.એસ.એફ.એ.પ્રેસિડેન્ટ દ્વારા જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ અને અમદાવાદડિસ્ટ્રીક્ટ ફૂટબોલની ટીમોને પણ અનુક્રમે વિજેતા અને રનર્સ-અપ ટ્રોફી, મેડલ્સ અને પ્રોત્સાહક ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું. જી.એસ.એફ.એ. પ્રેસિડેન્ટ પરિમલ નથવાણીએ ખુશ્બૂને રૂા.૨૫,૦૦૦નીરોકડ પ્રોત્સાહક રાશિ એનાયત કરતી વખતે જણાવ્યું હતું કે, તેણીએ એ.એફ.સી.અંડર-૧૭ મહિલા ચેમ્પિયનશિપનીક્વોલિફાયરમાં પસંદગી પામીને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન અને રાજ્યનું સન્માન અને ગૌરવ વધાર્યું છજી.એસ.એફ.એ. પ્રેસિડેન્ટ દ્વારા રિલાયન્સ કપ ૪૧મી સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટફૂટબોલ ટુર્નામેન્ટ માટે જૂનાગઢડિસ્ટ્રીક્ટ ફૂટબોલટીમને વિજેતા ટ્રોફી તથા અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટીમને રનર્સ-અપ ટ્રોફી સાથે મેડલ્સ અને પ્રોત્સાહકઈનામોનુંપણ વિતરણ કરવામાં આવ્યું. તેમણે તમામ ખેલાડીઓને તેમની શુભેચ્છાઓ આપી અને તેમની કુશળતા તથા ખેલદિલીના અનુકરણીય પ્રદર્શન માટે પ્રશંસા કરી.ગુજરાત સ્ટેટ ફૂટબોલએસોસિયેશનરાજ્યમાં ફૂટબોલને આગળ ધપાવવા લગાતાર પ્રયત્નશીલ છે અને તે માટે અલગ અલગ આયુ વર્ગના પુરુષો અને મહિલાઓ માટે ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટો અનેસ્ટેટ ઈન્ટર કલબ લીગ ટુર્નામેન્ટોનું આયોજન કરે છે. ઑલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનઅનેસ્પોર્ટ્સઑથોરિટી ઑફ ઈન્ડિયા તથા ગુજરાત રાજ્યની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી આ ટુર્નામેન્ટો રમાડવાનું આયોજન કરવામાંઆવે છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે જૂનાગઢના મહેમાન

## પ્રવાસન નિગમ દ્વારા રૂા.૭૪ કરોડના ખર્ચે ઉપરકોટનું રિસ્ટોરેશન પૂર્ણ થતા મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે

જૂનાગઢ તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ જૂનાગઢના પ્રવાસે આવશે. મુખ્યમંત્રી ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ દ્વારા અંદાજે રૂા. ૭૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ ઉપરકોટનું રિસ્ટોરેશન અને પ્રવાસન લક્ષી વિકાસ કાર્ય પૂર્ણ થતા ઉપરકોટને નવા રંગરૂપ સાથે લોકાર્પિત કરશે.

તા. ૨૮ સપ્ટેમ્બર- ૨૩ના રોજ સંભવત સવારે ૧૦ કલાકેથી બપોરના ૪ વાગ્યા સુધી મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાવાના છે. જેમાં સંભવતઃ ઉપર કોટની મુલાકાત, ટાઉનહોલ ખાતે લોકાર્પણ સમારોહ, બગડુ ખાતે સહકારી બેંકનો કાર્યક્રમ, સંગઠન કાર્યક્રમ, તેમજ ગિરનાર પર અંબાજી માતાના દર્શન સહિતના કાર્યક્રમો નું આયોજન થઈ રહ્યું છે.

કલેકટર અનિલ રાણા વસિયાના માર્ગદર્શન હેઠળ અધિક કલેકટર પી.જી.પટેલના અધ્યક્ષસ્થાને આજે મુખ્યમંત્રીના કાર્યક્રમના આયોજન સંદર્ભે વિવિધ વ્યવસ્થાઓ જળવાઈ રહે તેમજ પ્રોટોકોલ સંબંધી કામગીરી, પાર્કિંગ અને ટ્રાફિક નિયમન આરોગ્ય સહિત સહિતની વિવિધ વ્યવસ્થાઓ માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. ટાઉનહોલ ખાતે ઉપરકોટ લોકાર્પણ સમારોહમાં મહાનગરપાલિકા- જિલ્લા પંચાયત સહિતઅન્ય વિભાગોના પ્રકલ્પોનું પણ ખાતમુહુર્ત અને લોકાર્પણ કરાશે. અહીં સ્ટેજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ડીવાયએસપી હિતેશ ધાંધલીયા, નાયબ કલેકટર રીના ચૌધરી, જિલ્લા આયોજન અધિકારી આર.એમ. ગંભીર, મહાનગરપાલિકાના ચુડાસમા, કલ્પેશ ટોલીયા, ડો. પાલા, ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક નરેશ મહેતા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાથિયા પુરાવો..રાજ, ઢોલ રે.. વગડાવો..

# સોમનાથ વાસીઓની વર્ષો જુની રેલ્વે માંગ સોમનાથ-હરદ્વાર હવે સાકારતા ભણી

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૭

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ સોનાથથી હરદ્વાર સીધી ટ્રેન શરૂ કરવા રેલ્વે સલાહકાર સમિતિના મુકેશ ચોલેરા, હસુ કાનાબાર, ઉપેન્દ્ર તન્ના, પંકજ કાનાબાર, આરીફ મૌલાનાએ રેલ્વેતંત્રને અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અરજ અહેવાલો, રજુઆતો કરેલ જે ફળીભુત થવા પામી છે.




સૌરાષ્ટ્ર રેલ્વે પેસેન્જર એસોસીએશનના જોઈન્ટ સેક્રેટરી મુકેશ ચોલેરાએ આ અંગે જણાવ્યું હતું કે, ભાવનગર અને વેસ્ટર્ન રેલ્વે તંત્ર તરફથી આ શરૂ થનારી ટ્રેન અંગેનુંસંપૂર્ણ શિડયુલ આખરી મહોર માટે દિલ્હી મોકલાયું છે જે મંજુર થવાની પુરી શકયતા નિશ્ચિત છે અને પાંચમી નવેમ્બરથી વેરાવળ-દેહરાદુન (હરદ્વાર) ટ્રેનનો પ્રારંભ થશે. આ ટ્રેન વિકલી રહેશે. જે વેરાવળ રવાના થતી ટ્રેનના નં.૦૯૫૯૧ અને દેહરાદુનથી વેરાવળ રવાના થતી ટ્રેનના નંબર ૦૯૫૯૨ છે. ટ્રેનનો રન ૧૫૯૮ કિ.મી. રહેશે અને સ્પીડ ૪૮.૬૫ રહેશે. વેરાવળથી દેહરાદુન વચ્ચે સપ્તાહમાં એકવાર આ ટ્રેન દોડશે જે રવિવારે વેરાવળથી સવારે ૧૦.૫૫ કલાકે ઉપડી સોમવારે સાંજે ૪.૧૦ કલાકે હરદ્વાર પહોંચશે. તેવી જ રીતે દહેરાદુનથી સોમવારે રાત્રે ઉપડશે અને બુધવારે પરોઢીયે વેરાવળ પહોંચશે. ૨૨ કોચની આ ગાડી હશે જેમાં ૧૨ સ્લીપર કલાસ, ૪ જનરલ, ૩ એસી થ્રિટાયર, એક એસી ટુ ટાયર રહેશે. વેરાવળ રેલ્વે ટ્રેક ઈલેકટ્રીક નથી જેથી એક માસમાં તે કામ પુર્ણ થાય તે માટે પ્રયત્નો થઈ રહયા છે. જેથી વેરાવળથી ઈલેકટ્રીક ટ્રેક ઉપર દોડનારીઆ પ્રથમ ટ્રેન હશે.

આ ટ્રેનનાં રૂટમાં નીચે મુજબના સ્ટોપ રહેશે. જેમાં વેરાવળ, જૂનાગઢ, ભક્તિનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુરોડ, અજમેર, જયપુર, ડોસા, અલવર, બરેલી, ગુડગાંવ, દિલ્હી ટેન્ટ, નવી દિલ્હી, મેરઠ સીટી, મુઝફફરનગર, ટપરી, રૂડકી, હરદ્વાર થઈ દહેરાદુન પહોંચશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલ્વે તંત્રએ સોમનાથને આ અપાનારી સુચીત ટ્રેનની ભેટથી પ્રવાસી જનતામાં આનંદ છવાયો છે.

# સંતો તથા હજારો ભક્તોની ઉપસ્થિતિમાં દ્રોણેશ્વર ખાતે જલઝીલણી મહોત્સવ ઉજવાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૭

ભારતીય સંસ્કૃતિ એ ઉત્સવ પ્રધાન છે. ચાતુર્માસ દરમ્યાન અનેક ઉત્સવો આવે છે. એવી રીતે વૈષ્ણવ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભાદરવા મહિનામાં આવતી સુદ એકાદશી એટલે કે જલઝીલણી એકાદશી. આ પવિત્ર દિવસે ઠાકોરજીને જળમાં જીલાવી ઉત્સવ મનાવે છે. આવી જ રીતે સ્વામિનારાયણ ગુરૂકુલ એસજીવીપી દ્રોણેશ્વર ખાતે દ્રોણેશ્વર મહાદેવજીના સાંનિધ્યમાં આ મહોત્સવ ઉજવાય છે. આ ઉત્સવરમાં ભગવાન ની ચાર આરતી કરવામાં આવે છે. સંસ્થાના અધ્યક્ષ પુજય ગુરૂવર્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી પૂજય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં પ્રતિવર્ષ આ મહોત્સવ ઉજવાય છે.

પૂજ્ય સંતોના આશીર્વાદ, ગુરૂકુલના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ઠાકોરજીની શોભાયાત્રા, વિદ્યાર્થીઓ બેન્ડ દ્વારા ઠાકોરજીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પૂજય સંતો ઉના વિસ્તારના ધારાસભ્ય કે.સી. રાઠોડ તથા અન્ય રાજકીય મહાનુભાવો તથા હજારોની સંખ્યામાં ભાવિકો એ લાભ લીધો હતો. ઠાકોરજીના અભિષેકજળનદીમાં પધરાવે એટલે નાના મોટા પશુ પક્ષી બધા નદીનું પાણી પીવાથી એ જીવનું પણ કલ્યાણ થાય એવી ઉત્તમ ભાવના રહેલી છે. વૈષ્ણવ પરંપરામાં અનુસાર આ દિવસે ભગવાન નારાયણ શેષશૈયામાં પડખું ફેરવે છે. પ્રસંગના અંતે આવનાર સર્વ કોઈને ભોજન રૂપી પ્રદાસ આપવામાં આવ્યો હતો.

## ૨૭ સપ્ટેમ્બર વિશ્વ પ્રવાસન દિવસ

# સૌરાષ્ટ્ર દેશ વિદેશના સહેલાણીઓના પ્રવાસનું પ્રમુખ ડેસ્ટીનેશન









## દ્વારકા, સોમનાથ, ગિરના જંગલો, ચોટીલા, હર્ષદ, માટેલ, ઘેલા સોમનાથ, વીરપુર, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, જેસલ તોરલની સમાધી, ધોળાવીરા, રણોત્સવ, ખીજડીયા પક્ષી અભ્યારણ, પીરોટન ટાપુ, નરારા ટાપુ, શિવરાજપુર બીચ, પીંડારા, ઓસમ ડુંગર, બરડો ડુંગર, વિર માંગડાવાળાની જગ્યા, કિલ્લેશ્વર સહિતના સ્થળો લોકપ્રિય

(પ્રતિનિધી દ્વારા) રાજકોટ તા.૨૭

સૌરાષ્ટ્ર એક વિશાળ અને આગવી ખાસિયતો ધરાવતો પ્રમુખ પ્રદેશ છે. સૌરાષ્ટ્ર પાસે ગૌરવ લઈ શકાય તેવા અનેક દર્શનીય સ્થળો અને પ્રવાસન સ્થળોની કુદરતી વિરાસત છે. સૌરાષ્ટ્રમાં દેશનો સૌથી મોટો દરિયો, પર્વતો, જંગલો અને રણ પ્રદેશ, ઐતિહાસિક સ્થળો આવેલા છે. સૌરાષ્ટ્રમાં બે મહત્વના યાત્રા ધામો દ્વારકા અને સોમનાથ પણ છે. છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકારની આવકારદાયક પ્રવાસન નીતિને કારણે અનેક લોકો સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત ટુરીઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા દર વર્ષે આવા ગુજરાતના મહત્વના પ્રવાસન સ્થળો ખાતે વિવિધ મેળા તેમજ અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજરાતની સફરે આવતા પર્યટકો માટે https://www.gujarattourism.com ઉપર વિવિધ વિસ્તારોની માહિતી, જોવા અને માણવા લાયક સ્થળો, વિશેષતા જોવા મળશે. દર વર્ષે બહારથી આવતા લાખો પ્રવાસીઓ ગુજરાતની ખાનપાન, પરંપરા, પ્રતિષ્ઠાને જાણે અને માણે છે. પર્યટન ક્ષેત્ર માટે અંદાજપત્રમાં દર વર્ષે વિશેષ જોગવાઈ કરવામાં આવે છે તેમજ તેના વિકાસ માટે ગુજરાત સરકાર સતત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કાર્યરત છે જેના માટે વિશેષ રીતે હેરિટેજ પોલિસી જેવી અનેક પોલિસીઓ કાર્યરત છે. તો આવો આ ઈતિહાસ અને અધ્યાત્મની ધરા જોડાયેલા ગુજરાતના અનેકાનેક સ્થળોની માહિતી જોઈએ.

**રાજકોટ :** સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટ કે જે કાઠિયાવાડ તરીકે પણ પ્રસિધ્ધ છે તેને ૮ જિલ્લાની બોર્ડેર સ્પર્શે છે. રાજકોટમાં મહાત્મા ગાંધી જ્યાં ૮ વર્ષ અભ્યાસ કર્યો તે આલ્ફ્રેડ સ્કુલ હવે વૈશ્વિક કક્ષાના ગાંધી મ્યુઝિયમમાં પરિવર્તિત થઈ ચૂકી છે. ગાંધીજીનું નિવાસ્થાન ‘કબા ગાંધીનો ડેલો’ કે જયા ગાંધીજીના લગ્ન થયા હતા તેઓના બે બાળકોના જન્મ પણ આ જ ઘરમાં થયા હતા. રાજકોટનો દરબાર ગઢ, રણજીત વિલાસ પેલેસ, સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર, ઈશ્વરીયા પાર્ક, અતિ અદ્યતન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રામ વન, પ્રદ્યુમન પાર્ક, અંગ્રેજોના શાસનકાળમાં રાજકુમારોના શિક્ષણ માટે શરૂ કરેલ રાજકુમાર કોલેજ, ખાદી સહિતની રચનાત્ક ગાંધીજી સ્થાપિત રાષ્ટ્રિય શાળા, રાંદરડા તળાવ, રેસકોર્સ, આજી અને ન્યારી ડેમ, બાલભવન, રેસકોર્ષ, જયુબેલી ગાર્ડન સહિતના અનેક પર્યટક સ્થળો આવેલ છે. જયારે જિલ્લામાં આવેલ વિવિધ સ્થળોમાં ઘેલા સોમનાથ, ઓસમ ડુંગર, સંત શિરોમણિશ્રી જલારામ બાપાનું વીરપુર, રાજા સિધ્ધરાજના માતા મીનળદેવીએ બંધાવેલ મીનળ વાવ, શક્તિવન, કાગવડ, ખંભાલીડાની બૌધ્ધ ગુફાઓ, જેતપુર પાસેનો ભાદર ડેમ, ગોંડલનું સ્વામીનારાયણ મંદિર, ભૂવનેશ્વરી મંદિર, નાથાભાઈ જોષી સ્થાપિત રમાનાથ મંદિર, હિંગોળગઢ અભ્યારણ્ય અને કિલ્લો, દેશ-વિદેશની ઢીંગલીઓનું ડોલ્સ મ્યુઝિયમ, ઈ.સ. ૧૮૫૬માં સ્થાપાયેલી ૧૬૦ વર્ષ જૂની લેંગ લાઈબ્રેરી સહિતના સ્થળો અહીં આવેલા છે. રાજકોટ, ઘેલા સોમનાથ અને ઓસમ પાટણવાવમાં ભરાતા લોકમેળા પણ સુપ્રસિધ્ધ છે.

**મોરબી :** દેશ અને દુનિયામાં સિરામિક,ઘડિયાળ, બરફના ગોલાથી સુપ્રસિધ્ધ મોરબી જિલ્લામાં આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થળ ટંકારા આવેલ છે. જયા વૈદિક ધર્મનું અભ્યાસ કેન્દ્ર ચાલે છે. મહાત્મા ગાંધીના ગુરુ શ્રીમદ રાજચન્દ્રાચાર્યનુ જન્મ સ્થળ વવાણીયા આવેલ છે. મોરબીના મહારાજા લખધીરસિંહે ૧૯૪૬માં બંધાવેલુ પિતૃ તર્પણ માટે જાણીતુ રફાળેશ્વર મંદિર, શ્રી ખોડિયાળમાતાનું મંદિર માટેલ, રતનપરમાં આવેલ શ્રી રામચરિત માનસમંદિર વગેરેના દર્શન કરવા શ્રધ્ધાળુઓ અવિરત આવતા રહે છે, વાંકાનેર નજીકના તીથવા ગામના ડુંગર ઉપર આવેલ સ્વયંભૂ જડેશ્વર મંદિર, તત્કાલીન રાજવીઓનો વાંકાનેર પેલેસ, નવલખી બંદર વગેરે પણ જાણીતા પ્રવાસન સ્થળો છે. મોરબીમાં રફાળેશ્વર, રતનપર વગેરે ખાતે ભરાતા લોકમેળા સુપ્રસિધ્ધ છે.

**કચ્છ :** તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય અભિનેતા અમિતાભ બચ્ચન પાસે કચ્છના રણને પ્રસિધ્ધિ અપાવી હતી, જેને લીધે આજે દેશ-દુનિયામાંથી લોકો કચ્છ જોવા માટે આવી રહ્યા છે તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ ભુજથી ૬૦ કિમી દૂર આવેલ ધોરડો ખાતે રણ ઉત્સવ યોજાય છે, જેની દેશ અને દુનિયાના પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અહી સમીટ યોજાઈ છે. કચ્છમાં સુપ્રસિદ્ધ માં આશાપુરાનો માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ મંદિર, હાજી પીરનો મેળો પણ અનેક શ્રદ્ધાળુઓને આસ્થાનું કેન્દ્ર છે. માંડવી અને મુન્દ્રાના પોર્ટ, અંજારમાં જેસલ તોરલની સમાધિ, ધોળા વીરાની પ્રાચીન સંસ્કૃતિના પુરાવા સમૂહ, માંડવીમાં દરિયા ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નિર્મિત શ્યામાપ્રસાદ વર્મા સ્મૃતિ સ્મારક તેમજ ભુજમાં સ્મૃતિ વન, ભુજીયો, કાળો ડુંગર, હમીરસર તળાવ, આયના મહેલ, વિજય વિલાસ પેલેસ, સહીતના સ્થળો આવેલ છે.

**જામનગર :** ભારતીય સેનાની ત્રણેય પાંખો(નેવી, આર્મી, એરફોર્સ) આવેલી છે એવા છોટી કાશી, બ્રાસ સીટી અને બાંધણીના નગર તરીકે ઓળખાતા આ જિલ્લામાં બાલા હનુમાન, રણજીત સાગર ડેમ, વિકિયા વાવ, મોડપર કિલ્લો, જોડિયા, મરીન નેશનલ પાર્ક ખીજડીયા પક્ષી અભ્યારણ, રણજીતસાગર ડેમ, પીરોટનટાપુ, નરારા ટાપુ સહિતના વિવિધ પ્રાકૃતિક અને જીવસૃષ્ટીને માણવાલાયક સ્થળો આવેલા છે. ધ્રોલમાં ભૂચર મોરીનું મંદિર, બાલાચડી સૈનિક સ્કુલ વગેરે પણ આવેલા છે.

**દેવભૂમિ દ્વારકા :** દેશના ચાર ધામો પૈકી એક ધામ તથા ૧૨ જ્યોર્તિલિંગમાંથી એક એવું નાગેશ્વર જ્યોતિર્લિંગ, શારદાપીઠ, દાંડી હનુમાન, બ્લુ ફલેગ ધરાવતો શિવરાજપુર બીચ, તેમજ ડની પોઈન્ટ, ગોમતી ઘાટ, પીંડારા, દ્વારકાનો દરિયા કિનારો, બેટ દ્વારકા, પવિત્ર ગોમતી તટ પર આવેલ ભગવાન શ્રીકૃષ્ણનુ અતિ લોકપ્રિય અને ૧૪૦૦૦ વર્ષ ની તવારીખ ધરાવતુ ભગવાન શ્રી દ્વારકાધીશનું મંદિર, રુકમણી દેવીનું મંદિર પણ લોકો માટે આસ્થાનુ કેન્દ્ર ગણાય છે. બરડો ડુંગર, નવલખી ઘુમલી મહેલ, વિર માંગડા વાળાની જગ્યા, કિલ્લેશ્વર મહાદેવ, ગોપનાથ મંદિર, હાથલામાં શનિદેવ મંદિર, સિદસર ઉમિયા મંદિર, ઈન્દ્રેશ્વર મંદિર વગેરે આવેલા છે.

**જુનાગઢ :** સંત, શુરા અને સિંહને લીધે વૈશ્વિક ફલક પર જાણીતો આ જિલ્લો ભક્ત કવિ નરસિંહ મહેતાના ગામ તરીકે ઓળખાય છે જયાંના ગરવા ગઢ ગિરનારમાં મહાશિવરાત્રી તથા લીલી પરિક્રમાના મોટા મેળા ભરાય છે. ગિરનારમાં માં અંબા, દતાત્રેય તથા જૈન મંદિરો આવેલા છે જ્યાં હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા રોપ-વેનું નિર્માણ કરાતા પ્રવાસનને પણ વેગ મળ્યો છે. જૂનાગઢમાં આવેલ સક્કરબાગ, અશોકનો શિલાલેખ, ઈન્દ્રેશ્વર મહાદેવ, સાસણ ગીર, કનકાઈ, બાણેજ, તુલસીશ્યામ, સરકડીયા હનુમાન જેવા જંગલોમાં આવેલા પ્રાચીન મંદિરો આસ્થાના કેન્દ્ર બિંદુ છે. તો સાસણ ગીરના દેવળિયા પાર્કમાં લાખોની સંખ્યામાં પર્યટકો એશિયાટિક સિહોને નિહાળવા આવે છે.

**ગીર-સોમનાથ :** ૧૨ જયોતિર્લીંગમાનુ સૌ પ્રથમ તથા ચંદ્રએ આરાધેલા સોમનાથ મહાદેવ જ્યાં બિરાજમાન છે તે સુપ્રસિધ યાત્રાધામ ગીર સોમનાથ જિલ્લામાં ભગવાન શ્રી કૃષ્ણએ અંતિમ શ્વાસભાલકા તીર્થમાં લીધા હતા તો પિતૃ શ્રાદ્ધ માટે જાણીતા પ્રભાસ પાટણ ઉપરાંત વિશાળ દરિયા-કિનારો હોવાથી સોમનાથ, ચોરવાડ, માંગરોળ,આદ્રી, વેરાવળ વગેરે પણ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

**પોરબંદર :** ભગવાનશ્રી કૃષ્ણના બાલ સખા એવા સુદામાની આ નગરીમાં દેશના રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજીનું જન્મસ્થળ છે કીર્તિ મંદિર તેમજ દરિયા કાંઠે વિકસેલું આ શહેર સુપ્રસિધ ભાગવત આચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો સંદીપની આશ્રમ આવેલો છે. દરિયા ઉપરાંત બરડા ડુંગરથી છવાયેલા આ જિલ્લામાં આવેલ માધવપુરમાં ભગવાન શ્રી કૃષ્ણના વિવાહ રુકમણી માતા સાથે થયા હતા તે જગ્યા પર પ્રતિ વર્ષે રાજ્ય સરકાર દ્વારા અંતરરાષ્ટ્રીય કક્ષાનો મેળો યોજાય છે, જેમાં દેશભરથી પર્યટકો આવે છે. માધવપુરમાં ઓશો આશ્રમ પણ આવેલ છે. મોચા હનુમાન, બરડા અભ્યારણ, ગોકરણ તેમજ બિલેશ્વર મહાદેવ જેવા સ્થળો અહીં આવેલ છે.

**સુરેન્દ્રનગર :** પાંચાલની આ ભૂમિ તરણેતરના સુપ્રસિધ્ધ લોકમેળાથી જાણીતી બની છે. આ જિલ્લામાં ઘુડખર અભયારણ્ય, ચોટીલાના ડુંગર ઉપર માતા ચામુંડાનું મદિર, હવા મહેલ, માધા વાવ, રાણકદેવી મંદિર, મીનળ વાવ, સેજકેરનો નવલખો, જગદીશ આશ્રમ, ભીમોરની ગુફા, ત્રિનેત્રેશ્વર મહાદેવનો લોકપ્રિય મેળો, કબીર આશ્રમ, નળ સરોવર, માંડવ વિડ સહિતના સ્થળો પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

**અમરેલી :** આ જિલ્લાના ધારીમાં આવેલ જંગલ એશિયાટિક સિંહો માટે જાણીતું સ્થળ છે. તેમજ અહીં રાજ મહેલ, ગીરધરભાઈ સંગ્રહાલય, પાંડવ કુંડ, ભગવાન શ્રી હનુમાનજીનું પ્રસિદ્ધ સ્થળ ભુરખિયા હનુમાન, સરકેશ્વર, દીવાદાંડી, કલાપી તીર્થ અને વારાહી માતાનું મંદિર અહીં આવેલ છે.

સંકલન - પારૂલ આડેસરા, દેવ મહેતા

# જૂનાગઢના આંગણે રઘુવંશી પરિવારો માટે ‘હું છું રઘુવંશી’ નવરાત્રી ઉત્સવનું આયોજન

## ૧૫ થી ૨૪ ઓકટોબર સુધી રઘુવંશી પરિવારના ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશે

જૂનાગઢતા. ૨૭

જૂનાગઢ ખાતે આગામી તા. ૧૫થી ૨૪ ઓકટોબર સુધીમાં જગદંબાની આરાધના અને પવિત્ર એવા નવરાત્રી ઉત્સવ અંર્તગત દરવર્ષાની જેમ ચાલુ વર્ષે પણ જૂનાગઢના પ્રસિધ્ધ અનેસુવિધાસભર એવા મધુવન પાર્ટીપ્લોટમાં ‘હું છું રઘુવંશી’ નવરાત્રી મહોત્સવનું આયોજન થવા જઈ રહ્યું છે. મુખ્યદાતા અનેઆયોજક એવા સંજયભાઈ મશરૂ અને ઝલક મશરૂના આયોજન અને માર્ગદર્શનહેઠળ જૂનાગઢના સેવાભાવી રઘુવંશી અગ્રણી રસિકભાઈ પોપટના સંકલનથી યુવાનો ભરતભાઈ સોઢા, સંજયભાઈ પોપટ, ચેતનભાઈ તન્ના, માધવભાઈ વીઠલાણી, રાજેશભાઈ ઠક્કર, તેજસભાઈ ઉનડકટ, ગોવિંદ ઉનડકટ, જયેશભાઈ રૂપારેલીયા, શ્યામ રાયચુરા, રશ્મીન કારીયા સહિતના આગેવાનો તૈયારીઓને ઓપ આપી રહયા છે.

આ રાસોત્સવ માત્રને માત્ર લોહાણા (રઘુવંશી) પરીવારો માટે રહેશે. જયારે આ રાસોત્સવ સરકારશ્રીના ધારાધોરણ અનુસાર સમય મર્યાદામાં યોજવામાં આવશે. જેના પાસ મેળવવા માટેના સ્થાન સંપર્ક સૂચિ આગામી દિવસોમાં નકકી કરવામાં આવશે. તો સમગ્ર જૂનાગઢ શહેરમાં વસતા લોહાણા પરીવારોને આ આયોજનનો ભાગ બની સમાજ દ્વારા યોજાતી અને સમાજ માટે યોજાતા આ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવેલ છે.

આગામી તા.૧૫થી ૨૪મી ઓકટોબર દરમ્યાન યોજાઈ રહેલા આ નવરાત્રી મહોત્સવમાં સહભાગી થવા ઈચ્છતા લોકોએ રસિકભાઈ પોપટ મો.૮૪૬૦૨ ૬૦૦૦૦ નો સંપર્ક કરવા યાદીના અંતમાં રસિકભાઈ પોપટદ્વારા જણાવવામાંઆવેલ છે.

# જૂનાગઢમાં સ્વામિનારાયણ મુખ્ય મંદિરે ‘જલ ઝીલણી’ ઉત્સવની ભાવભેર ઉજવણી



જૂનાગઢતા. ૨૭

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે ગઈકાલે સવારે ૧૧ કલાકે જલઝીલણી મહોત્સવ ખુબજ ભાવભેર અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. ઠકોરજીને નવકા વિહાર કરાવવામાં આવ્યો હતો. આ તકે મંદિરના ચેરમેન દેવનંદનદાસજી કોઠારી શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી, પીપી સ્વામિ તેમજ ટ્રસ્ટી મંડળ અને સંતો ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત હરીભકતો અને ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લીધો હતો.

# કેશોદના સરકારી દવાખાના પાસેથી રેકડી ઉઠાવી જતો ગઠીયો કેમેરામાં ઝડપાયો



(કમલેશ જોષી દ્વારા)

કેશોદતા.૨૭

કેશોદના સરકારી દવાખાના પટેલ રોડ વિસ્તારમાં શાકભાજીની ફેરી કરી મજુરી કરતાં સંખ્યાબંધ શ્રમિકો રોજીરોટી મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે. કેશોદના નવદુર્ગા માતાજીના મંદિર પાસે રેકડી રાખી મજુરી કરતાં ગફારભાઈ શ્રમિક પોતાની રેકડી સરકારી દવાખાના સામે ગલીમાં રાખીને ગયેલાં હતાં ત્યારે અજાણ્યો ઈસમ બાજુમાં થોડી વાર ઉભો રહીને આસપાસ કોઈ ન દેખાતાં રેકડી હંકારી નેચાલતો થયો હતો જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં આબાદ ઝડપાઈ ગયેલ છે. કેશોદ ખાતે ધમધમતાં વિસ્તારમાંથી માલીકીની રેકડી હંકારી અજાણ્યો શખ્સ જતો રહેતાં ગફુરભાઈ ની કમાણીનું મુખ્ય સાધન છીનવાઈ જતાં કેશોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી અને કેશોદ પોલીસ દ્વારા અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે. જુનાગઢ જીલ્લા પોલીસ વડા દ્વારા સીસીટીવી કેમેરા લગાવી સલામત શહેર સુરક્ષિત શહેર બનાવવા અભિયાન શરૂ કરવામાં આવ્યુંછે ત્યારે સીસીટીવી કેમેરામા નજરે પડતો તસ્કર પોલીસને હાથતાળી આપી બિન્દાસ ફરી રહ્યો છે અને ગફુરભાઈને પોતાનું જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ બની ગયું છે ત્યારે શહેરમાં ચર્ચાઈ રહ્યું છે કે સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો પણ અજાણ્યા તસ્કરોને ઝડપી લેવા અલગશાખા કાર્યરત કરવામાં ન આવે તો શહેર ભરમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

# જૂનાગઢ શહેરની ખામધ્રોળ રોડ પરની સોસાયટીઓમાં કોંક્રીટનો પ્રકોપ

## પીએનજી ગેસ લાઈન ફીટીંગ કર્યા પછી ખાડાને યોગ્ય પેવર કરવાને બદલે કોરી કોંક્રીટ અને રેતી નાખવામાં આવતા લોકો પરેશાન



જૂનાગઢતા. ૨૫

જૂનાગઢ શહેરમાં ઠેર-ઠેર પીએનજી ગેસની લાઈન ટોરેન્ટ ગેસ કંપની દ્વારા નાખવામાં આવી રહી છે. ત્યારે જૂનાગઢ શહેરની મોટાભાગની સોસાયટીમાં ગેસની પાઈપલાઈન ફીટીંગની કામગીરી ટોરેન્ટ ગેસ દ્વારા કરવામાં આવી છે પરંતુ જૂનાગઢની વિવિધ સોસાયટીઓ જેવી કે ખામધ્રોળ રોડ ઉપર આવેલ હર્ષદનગર, નારાયણનગર, યોગેશ્વરનગર, રામેશ્વર સોસાયટી, મારૂતીનગર, અર્જુન પાર્ક તેમજ નંદનવન રોડ ઉપરની સોસાયટીઓમાં તાજેતરમાં ગેસની પાઈપલાઈન તો ફીટ કરવામાં આવી છે પરંતુ ખોદકામ કર્યા પછી પહેલા જેવું સી.સી. રોડ સમાંતર કરી સિમેન્ટનો ધાબો કરવાનો હોય છે તે કરવાને બદલે ગેસની લાઈન ફીટીંગ કર્યા પછી કોરી કોંક્રીટ અને રેતી નાખી દેવામાં આવતા ઉપરોકત સોસાયટીઓમાં ઠેર-ઠેર કોંક્રેટનો પ્રકોપ જોવા મળી રહયો છે. અનો ખોદકામ કરેલ રોડમાં કોંક્રીટ અને રેતી નાખી રોડની સાઈડમાં ઉંચા ટેકરા કરી નાખવામાં આવેલ છે. વાહનનાં વ્હીલમાં આવી જાય એટલે બંદૂકની ગોળીની જેમ કોંક્રીટ છુટે છે. જેથી અકસ્માતનો સતત ભય રહેછેઅને ટાયરમાં કોંક્રીટ ખૂંચી જતા પણ વારંવાર વાહનોમાં પંચરના બનાવો બને છે. અને રસ્તે ચાલતા રાહદારીઓને પણ વેર વિખેર પડેલી કોંક્રીટને લીધે ચાલવામાં ભારે મુશ્કેલી પડે છે ત્યારે ઉપરોકત વિસ્તારોમાંજે તેકંપનીને ટેન્ડર અપાયું હોય તેના દ્વારા તાત્કાલીક ધોરણે જયાં ખોદકામ કરી ગેસની પાઈપલાઈન નાખવામાં આવી હોય ત્યાંફરીથી સી.સી. રોડ જેવો ધાબો કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# ઝાંપોદડ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં વિજેતા થયા



જૂનાગઢ તા.૨૭

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવનું આયોજન તાલીમ ભવન જૂનાગઢ ખાતે તા.૨૩-૦૯-૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું.

જેમાં ઝાંપોદડની શેઠ બી.કે. મહેતા હાઈસ્કૂલના શિક્ષિકા શ્રી કિરણબેન ખૂંટ અને જયનાબેન અઘેરાના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિની મેઘનાથી ગુંજન ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે અને કાવ્ય લેખન સ્પર્ધામાં નૈનુજી કૃપાલી દ્વિતીય નંબરે જિલ્લા કક્ષાએ વિજેતા થયા હતા. આ તકે શાળાના પ્રિન્સિપાલ ડૉ. સંજયભાઈ કોરિયાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# SGFI વોલીબોલ સ્પર્ધામાં તપોવન સ્કુલ પ્રથમ સ્થાને




(પ્રતિનિધી દ્વારા)

રાજકોટતા.૨૭

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ **SGFI U-14** વોલીબોલસ્પર્ધામાં ઝોન કક્ષાએ તપોવન સ્કુલનાં વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આતકે તપોવન સ્કુલ તેઓની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવેલ છે.

# આવતીકાલે ગણેશ વિસર્જન

ગણેશ વિસર્જન તારીખ ૨૮-૯-૨૩ ભાદરવા વદ ચૌદશને ગુરુવારે ગણેશ વિસર્જન છે. ગણેશ વિર્સજન માં ગણપતી દાદાનું પૂજન કરવું બન્ને ગણપતિ દાદાને ચાંદલો, ચોખા કરી નિત્ય પૂજા ના દાદા ની ઉપર જળ થી અભિષેક કરવો ત્યાર બાદ બને ગણપતિ દાદા ને નાડાછડી નું વસ્ત્ર તથા જનોઈ અર્પણ કરવી અબીલ-ગુલાલ -કંકુ ચડાવી ફુલ તથા દુર્વા ચઢાવી દાદાને નૈવેધ ધરાવું ત્યાર બાદ દાદા ની આરતી ઉતારવી અને દાદાની ક્ષમા યાચના માંગવી, અને ત્યાર પછી જે નિત્ય પૂજા ના ગણપતિ દાદા આગળ રાખેલા છે તેને ઘર ની પૂજા મા મૂકવા અને વિસર્જન ના ગણપતિ દાદા ને આખા ઘર માં ફેરવી જે વિસર્જન માટે જગ્યા નિર્ધારિત કરેલ છે ત્યાં જઈ અને વિસર્જન કરવું અથવા તો માટીના ગણપતિ દાદા હોય તો ગણપતી દાદાના વિર્સજન માટે એક પાણી ભરેલા ટબ મા ઘરના ફળીયામાં પાણી ભરેલ ટબ રાખી અને તેમા પધારવા. ત્યારબાદ સંપુર્ણ મુર્તિ ઓગળી જાય એટલે તે પાણી આસોપાલવ અથવા પીપળે અથવા કાંટા વગરનાં ઝાળમાં પધરાવી દેવું. તા. ૨૮-૯-૨૩ ગુરૂવારના શુભમુર્હુતોની યાદી સવારે શુભ ૬.૩૮ થી ૮.૦૮ સવારે ચલ લાભ અમૃત ૧૧.૦૬ થી ૩.૩૭ સાંજે શુભ ૫.૦૭ ૬.૩૭

- શાસ્ત્રી રાજદીપ જોષી

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ: રાણપુર નિવાસી સ્વ. જાદવભાઈ જીવાભાઈ ઉસદડ (ઉ.વ. ૭૨) તે અશ્વીનભાઈ (જીએસપી સ્કુલ જૂનાગઢ), વિજયભાઈ (ગોલર વિદ્યા વિહાર વડાલ) ના પિતા, અમુભાઈ પાનસુરીયા (જૂનાગઢ), દિનેશભાઈ પાનસુરીયા (વડાલ)ના બનેવી, રોમીલભાઈ પાનસુરીયા (જોષીપરા કન્યા વિદ્યા મંદિર), પારસભાઈ પાનસુરીયા (જીએસપી સ્કુલ જૂનાગઢ), ડો.ચિરાગ પાનસુરીયા (વેલકેર ફિઝી. જૂનાગઢ)ના ફુવાનુ તા. ૨૫-૯-૨૩નાં રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૯-૯-૨૩ને શુક્રવારના રોજ ૪ થી ૬, સુર્યમંદિર, સરદારપરા મેઈન રોડ, જોષીપરા, જૂનાગઢ ખાતે રાખેલ છે.

પંચહાટડી ચોક માંગનાથ રોડ
વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોરમાં ૪૫૦ ચોરસફુટ દરેક ધંધાને માટે યોગ્ય દુકાન વેંચવાની છે ભાવ ૧૫૦૦૦/ રૂા. ચોરસફુટ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨


જૂનાગઢ મધ્યમાં છાંયા બજાર વિસ્તારમાં 6 B.H.K. ફલેટ વેંચવાનો છે
સુવિધાઓ ૨૨૫૦ ફુટ. કાર્પેટ એરિયા. વિશાલ હોલ, ૫ બેડરૂમ, એટેચ બાથરૂમ, ટોઈલેટ સાથે વિશાળ કિચન, સ્ટોરરૂમ, સાથે ડાઈનીંગ હોલ, મંદિર રૂમ તેમા પણ અલગથી કિચનની વ્યવસ્થા, ફુલ ફર્નિચર ડિઝાઈનર સીલીંગ સાથે સંપૂર્ણ હવા ઉજાસવાળુ લિફટની સુવિધા, કાર પાર્કીંગની સુવિધા સાથે ફલેટ વેંચવાનો છે
: કોન્ટેક :
મો. ૯૬૩૮૦૦૭૯૪૦

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય: સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથરોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
“સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે”
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

|| प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ||
Mission
Schools of Excellence



માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
વરદ્‌હસ્તે



## વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા
## મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ સહિત
## ગુજરાત સરકાર ના કુલ ₹ ૫૨૦૬ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ

### મુખ્ય મહેમાન
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ ઉપસ્થિતિ

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**
માનનીય મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા**
માનનીય મંત્રી (રા.ક.), સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત

**શ્રી મુકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત

**તારીખ:** ૨૭/૦૯/૨૦૨૩, બુધવાર
**સ્થળ:** સેવા સદન પાસેનું મેદાન, બોડેલી, જિ: છોટાઉદેપુર

### યોજનાકીય લોકાર્પણ-ખાતમુહૂર્તનાં કામો

- શિક્ષણ વિભાગના મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત કુલ ₹ ૪૫૦૫ કરોડના ખર્ચે ૯૦૮૮ નવીન વર્ગખંડો, ૫૦,૩૦૦ સ્માર્ટ ક્લાસરૂમ્સ, ₹ ૧૯,૬૦૦ કમ્પ્યૂટર લેબ્સ, ૧૨,૬૨૨ વર્ગખંડોનું અપગ્રેડેશન અને અન્ય કાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત
  - ₹ ૩૦૭૯ કરોડના કામોનાં ખાતમુહૂર્ત
  - ₹ ૧૪૨૬ કરોડના કામોનાં લોકાર્પણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૯ કરોડના ખર્ચે દાહોદ ખાતે છાબ તળાવ વિકાસ કાર્યો અને વૉટર સપ્લાય યોજનાનું લોકાર્પણ તેમજ ₹ ૪૨ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ સેવાસી, વડોદરા ખાતે **EWS-2** કેટેગરીનાં ૪૨૦ મકાનોનું લોકાર્પણ
- માર્ગ અને મકાન વિભાગના ₹ ૨૨૫ કરોડના ખર્ચે નર્મદા નદી પર ડભોઇ-સિનોર-માલસર-અસા બ્રિજનું લોકાર્પણ તેમજ ₹ ૫૨ કરોડના ખર્ચે ગોધરા ખાતે ફ્લાય ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત
- પાણી પુરવઠા વિભાગના ₹ ૮૦ કરોડના ખર્ચે કવાંટ ખાતે **Rural Water Supply Scheme (RWSS)**નું ખાતમુહૂર્ત
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ₹૬૦ કરોડના ખર્ચે ૭૫૦૦ ગામોમાં ૨૦ લાખ લાભાર્થીઓ માટે **WiFi** સુવિધાનું લોકાર્પણ
- દાહોદ ખાતે ₹ ૨૩ કરોડના ખર્ચે નવોદય વિદ્યાલય અને ₹ ૧૦ કરોડના ખર્ચે FM રેડિયો સ્ટુડિયોનાં લોકાર્પણ

CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

